Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ




શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧

આત્મ સંવત : ૪૪-૪૫
વીર સંવત : ૨૪૬૫-૬૬
વિક્રમ સંવત : ૧૯૯૫-૯૬
પુસ્તક : ૩૭

સને :

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન વાસુપૂજ્યસ્વામીની નિર્વાણભૂમિ શ્રી ચંપાપુરીજી તીર્થ.

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુ૦ ૩૭ મું. અંક ૧ લો.

સંવત ૧૯૯૫ દ્વિ. શ્રાવણ

પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧ નૂતન વર્ષાભિનંદન | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૧ |
| ૨ નૂતન વર્ષનું મંગળમય વિધાન | ( માસિક કમિટી ) | ૩ |
| ૩ શ્રી શ્રુતજ્ઞાન | ( પંન્યાસશ્રી ધર્મવિજયજી ગણિ મહારાજ ) | ૧૧ |
| ૪ તીર્થયાત્રા એ પ્રભાવનાનું ઉત્તમોત્તમ અંગ શી રીતે ? | ( સંપાદકઃ ગાંધી ) | ૧૪ |
| ૫ શ્રી જિનેશ્વરનાં વચનોમાં આદર કરો | ( પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ ) | ૧૭ |
| ૬ બોધ-લહરી | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૧ |
| ૭ આત્મ-દર્શન | ( ચતુર્ભુજ જયચંદ શાહ B.A.LL.B. ) | ૨૨ |
| ૮ પૂજન : એક મહત્ત્વની ક્રિયા | ( ચોકસી ) | ૨૮ |
| ૯ પ્રવાહના પ્રશ્નો ... | ... ... ... ... ... | ૩૦ |
| ૧૦ વર્તમાન સમાચાર | ... ... ... ... ... | ૩૨ |
| ૧૧ સ્વીકાર અને સમાલોચના | ... ... ... ... | ૩૪ |


---

## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરની લાઇબ્રેરીના સભ્યોને નમ્ર સૂચના.

કેટલાક સભાસદો તથા ડીપોઝીટ વગેરેથી બુકો લઇ જનાર વાચકોને વિનંતિ છે કે ઘણા લાંબા સમયથી લાઇબ્રેરીના કેટલાક વાચકો પાસે પુસ્તકો બાકી છે. તેઓએ પુસ્તકો સભાએ આપી જવા અથવા તેના પૈસા મોકલી આપવા વિનંતિ છે. આ બાબતની સૂચના જેની પાસે બુકો છે તેઓને આપવામાં આવેલ છે અને જેઓને સૂચના ન મળી હોય તેઓએ આ જાહેર સૂચનાને ધ્યાનમાં રાખી બુકો પાછી મોકલી અન્ય વાંચકોને સરળતા કરી આપવા વિનંતિ છે.

---

## સુધારો

અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ **શ્રી મહાવીર ચરિત્ર**માં પૃષ્ઠ ૧૬૭ પર ૩૨ મી લીટીમાં અષાડ માસ પ્રેસદોષથી છપાયેલ છે જેથી **અશાડ**ને બદલે **આશ્વિન** માસ જાણવો.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દાનવીર નરરત્નો.






રાવસાહેબ શેઠ શ્રી કાન્તિલાલભાઇ ઇશ્વરલાલ જે. પી. શેઠ શ્રી માણેકલાલભાઇ ચુનીલાલ જે. પી.

પુણ્યોદય થતાં સુકૃતની લક્ષ્મી મળતાં તેને સદ્વ્યય–આત્મકલ્યાણ માટે સખાવતો કરવી, દાન કરવું તે પુણ્યાનુબંધી પુણ્ય સિવાય બનતું નથી. લક્ષ્મી પ્રાપ્ત થતાં કેટલીક વખત મનુષ્ય વભવી, અભિમાની, દુર્ગુણી બને છે; જ્યારે ખરેખર પુણ્યશાળી મનુષ્ય ઉદાર, નમ્ર, સુશીલ, સરળ અને નિરભિમાની બને છે. ઉપરોક્ત આ બંને પુણ્યશાળી બંધુઓ તેવા સદ્ગુણી બનતા અને મળેલ લક્ષ્મીની ચંચળતા સમજી આત્મકલ્યાણ માટે અનેક ધાર્મિક ખાતાઓમાં લક્ષ્મીનો સદ્વ્યય કરી સમાજમાં ઉદાર નરરત્નો તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. વારંવાર તેઓની નવા નવા ખાતાઓમાં થતી સખાવતો પેપરદ્વારા પ્રસિદ્ધ થતાં સર્વકોઈ આહ્લાદ પામે છે. આજે બંને પુણ્યાત્મા જૈન કોમમાં અનુકરણીય થયા છે. આ બંને બંધુઓ નિરભિમાનપણે અને કીર્તિની અભિલાષા વગર સખાવત કરે છે. આવી ઉદારતાથી પ્રસિદ્ધ થયેલ આવા બંને બંધુઓને નામદાર બ્રિટિશ સરકારે કદર કરી હાલમાં જે. પી. નો ઇલ્કાબ આપેલ છે, એ માટે આ સભા આનંદ જાહેર કરે છે. તે બંને બંધુઓ દીર્ઘાયુ થઇ, અનેક સખાવતો કરી જૈન અને જૈનેતર પ્રજામાં વિશેષ વિશેષ યશ પ્રાપ્ત કરે તેવી પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | | |
|---|---|---|---|
| પુસ્તક : ૩૭ મું : | આત્મ સં. ૪૪ : | વીર સં. ૨૪૬૫ : | દ્વિ. શ્રાવણ : |
| અંક : ૧ લો : | આ. શ. સં. ૩ : | વિક્રમ સં. ૧૯૯૫ : | સપ્ટેમ્બર : |

## શ્રી નૂતન વર્ષાભિનંદન

("શ્રી આત્માનંદ પ્રકાશ"ના અંતર્ગત મનોરથો)

### દોહરા

જય જિનેન્દ્ર જય જય પ્રભુ, મહદ મંગળાકાર;
વર્ષારંભે હર્ષથી, વંદું વારંવાર. ૧
ગુણવંતા ગ્રાહક સુણો, મુજ અંતરની વાત;
આત્માનંદ પ્રકાશ છે, આપવડે રળિઆત. ૨

### હરિગીત છંદ

શાણા જનો કહે છે ખરું, નહીં વાડ વિણ વેલો ચડે,
આશ્રય વિના આગળ જતાં, અડચણ થતાં અટકી પડે;
સૌ ગ્રાહકોના હૃદયરંગે, રમ્ય રૂપે હું રમું,
બેઠું મને આજે બરાબર, વર્ષ સાડત્રીશમું. ૧
સંકલ્પ શુદ્ધ કર્યો હતો, સધ્ધર્મને વિકસાવવો,
જ્ઞાનામૃતોથી ફલિત સુંદર, આમ્ર આંગણ વાવવો;
વિદ્યાવિવર્ધક ધર્મબોધક, લેખ લખી સૌને ગમું,
બેઠું બરાબર આજ મુજને, વર્ષ સાડત્રીશમું. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્શાસ્ત્ર સંતો સાધુઓનાં, હૃદયઝરણાં ઝીલવાં,
શ્રી જૈન શાસન સંઘકેરાં, હૃદય-કમળો ખીલવાં;
ગુરુઓતણા આદેશ ગ્રહી, દુષ્કર્મ બાળે કારમું,
એ સિધ્ધ કરી દેખાડશે, આ વર્ષ **સાડત્રીશમું.** ૩

નિજ આત્મકેરી ઐક્યતા, પરમાત્મ સાથે જોડવી,
ષડશત્રુરૂપી શૃંખલા તે, શાસ્ત્રશસ્ત્રે તોડવી;
પંડિત કવિવર જ્ઞાનીજનનાં, જ્ઞાનભોજન હું જમું,
સધ્ધર્મની સેવા વિષે, આ વર્ષ **સાડત્રીશમું.** ૪

સંસારનાં બંધન તૂટે, નહીં પાપચોર કદી લૂંટે,
નહીં જ્ઞાનભંડારો ખૂટે, ને ગર્ભવાસ સદા છૂટે;
પ્રત્યેક શ્વાસોશ્વાસમાં હું એજ ધમણ હૃદે ધમું,
કર્તવ્ય પૂર્ણ બજાવશે, આ વર્ષ **સાડત્રીશમું.** ૫

માનવ-જનમ મુસાફરી સૌ, રીતથી સફળા કરું,
શ્રી જૈન ધર્મતણી જ રાહે, સત્ય વાણી ઉચ્ચરું;
વિસ્તૃત જૈન વિભાગમાં હું, ભ્રમવિનાશક થઇ ભમું,
હા! ધર્મધ્વંસની વાતને, ક્ષણ એક પણ હું ના ખમું. ૬

ઇશ્વરકૃપા આરોગ્ય રહું, મમ ગ્રાહકો આરોગ્ય હો,
નીતિ દયા ને ન્યાયનાં, વહનો સદા અંતર વહો;
જય જય થવાને જૈનનો, પ્રભુ પાદપંકજમાં નમું,
વિજયી ધ્વજા ફરકાવશે, આ વર્ષ **સાડત્રીશમું.** ૭

સધ્ધર્મ ને સત્કર્મમાં, ગ્રાહકતણી વૃત્તિ રહો,
આ પત્રને સુપવિત્ર ગણી, ચિત્તથી સર્વે ચહો;
હો ધર્મલાભ સદા ય એ, છેલ્લું વચન કહીને શમું,
પૂરણ પ્રતાપ **પ્રકાશ** પામો, વર્ષ **સાડત્રીશમું.** ૮

**દોહરા**

સ્પષ્ટ હૃદયના ભાવથી, અષ્ટક રચીયું આજ;
આત્માનંદ પ્રકાશનો, સુખમય રહો સમાજ. ૧.

ભાવનગર
પ્ર. શ્રાવણ પૂર્ણિમા

લી૦ ધર્મોપદેશક,
**રેવાશંકર વાલજી બધેકા**
નિવૃત્ત એજ્યુ૦ ઇન્સ્પે૦ **ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षनुं मंगलमय विधान

## પ્રવેશ—

**આજના** સુરમ્ય પ્રભાતે **'આત્માનંદ પ્રકાશ'** ૩૭મા વર્ષમાં પ્રવેશ કરે છે. આત્મજાગૃતિમાં સાવધાન રહેનાર પ્રસ્તુત પત્ર પ્રત્યેક વર્ષની પૂર્વપ્રણાલિકા પ્રમાણે તુરત જ સ્વગત પ્રશ્ન કરે છે કે જે મંગલમય કાર્ય માટે મારું અસ્તિત્વ (Existence) નિર્માણ થયું છે તે માટે મારાથી યથાશક્તિ ગત વર્ષમાં ધીમી પણ મક્કમ પ્રગતિ થઇ છે? આટલા વર્ષોની સમાજસેવા કરતાં કરતાં મારા લેખોના સ્થૂલ અક્ષરોએ જુદી જુદી ભૂમિકાવાળા આત્માઓમાં સંસ્કાર–બીજો આરોપ્યાં છે? તે તે સંસ્કાર–બીજોથી ભરેલાં અમુક આત્માઓની આધ્યાત્મિક જ્યોતિઓ પ્રોજ્જ્વલ થઇ છે? વય વધતાંની સાથે **જૈન** સૃષ્ટિમાં મેં મારું યથાર્થ સ્થાન જાળવી રાખ્યું છે? વયજનિત અનુભવની સાથે મેં મારા નામની સાર્થક્તા કરી છે? સંસારચક્રમાં જન્મ અને મૃત્યુ અનિવાર્ય અને સહજ છતાં આત્માના અનાદિ અનંતપણા તરફ લક્ષ્ય રાખી, માનવવાચકોની આત્મભૂમિકાને તૈયાર કરી સ્વાવલંબનપૂર્વક પુરુષાર્થપરાયણ કરવા પ્રેરણા આપી છે?

—આંતરવિચાર કરતાં યોગદ્વારા ફલિત થાય છે કે અવશ્ય સુંદર પરિણામ આવ્યું છે. જગતમાં પ્રત્યેક સ્થૂળ વસ્તુઓ સ્વનિમિત્તવડે આત્માને જગાડે છે. જો આત્મા ગુણગ્રાહી હોય તો, તે દૃષ્ટિએ પ્રભુમૂર્તિ અને શાસ્ત્રો પુષ્ટાલંબન હોવાથી આત્મજાગૃતિ અર્પે તેમાં આશ્ચર્ય નથી. લેખો એ શાસ્ત્રનાં નિઝરણાંઓ હોવાથી આત્માને અંતરાવલોકન (Introspection) માટે સહાયભૂત થાય એ સ્વતઃ સિદ્ધ છે; પરંતુ આ પરિસ્થિતિ વાચકોની આત્મભૂમિકાની તૈયારી ઉપર અવલંબે છે. શ્રેયઃ અને પ્રેયઃ એ ઉભય વસ્તુઓમાં કલ્યાણકારી પ્રવૃત્તિ કરવી એ મારું લક્ષ્યબિંદુ (Standpoint of view) અવિચ્છિન્નપણે ચાલતું આવ્યું છે; પરંતુ પ્રેયઃ વસ્તુ જગતમાં ભિન્ન ભિન્ન રુચિ પ્રમાણે વ્યક્તિ પરત્વેની જુદી જુદી હોય છે. આત્મકલ્યાણકારી માર્ગમાં મારું પ્રેયઃ વસ્તુ **જૈન** દર્શનના પ્રેરક શ્રી **જિનેશ્વર** ભગવાનની શ્રીમદ્ દેવચંદ્રજીએ સ્તવેલી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ને ભાવરૂપ રાજનીતિને અનુસરવાનું છે' એ આધ્યાત્મિક રાજનીતિને અનુસરીને તમામ લેખોનો જન્મ છે. લેખો વિચારભૂમિકામાંથી પ્રકટે છે, વિચારો માનસિક ભૂમિકાનું ઉત્પાદન છે; માનસિક ભૂમિકા આત્માના ક્ષયોપશમ ઉપર નિર્ભર છે. વિચારો મૂર્તિમન્ત સ્વરૂપે બહાર આવવા અને લેખનપદ્ધતિમાં મુકાવા એ મતિ–શ્રુતજ્ઞાનનો વિષય છે;–ઉપરોક્ત પ્રશ્નપરંપરાવડે જે યથાશક્તિ ગત વર્ષમાં સ્વીકૃત કાર્યની સફળતા મેળવી છે તેથી સંતોષનું આશ્વાસન લઇ **જૈન** શૈલીથી કાંઇ સમજફેર લેખનપદ્ધતિ થઇ હોય તેના માટે મિથ્યા દુષ્કૃત દઈ પ્રસ્તુત પત્ર નવીન વર્ષનો શુભ આરંભ કરે છે.

## સંજ્ઞા—

૩૭ ની સંજ્ઞા એ **જૈન** દૃષ્ટિએ ત્રણ અને સાતનું જોડાણ છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રય કે જે વ્યવહારદૃષ્ટિએ મુક્તિમાર્ગનું અમોઘ સાધન છે અને જે નિશ્ચય દૃષ્ટિએ આત્માના પોતાના જ ગુણો છે તે સાત નયથી સિદ્ધ કરીને સંપૂર્ણપણે પ્રકટ કરવામાં આવે તો આત્માનો આનંદ પૂર્ણ સ્વરૂપમાં પ્રકટ થાય, એવંભૂત નયથી પૂર્વોક્ત રત્નત્રયનો વિકાસ થાય તે ખાતર તમામ ઉચિત શુભ

For Private And Personal Use Only

સાધનોની આત્માને આવશ્યકતા છે. જેમ ક્ષીરથી થતી તૃપ્તિ અનભવવા માટે અગ્નિ. કોલસા, દૂધ, ચોખા વિગેરે વિગેરે સાધનોની જરૂરીઆત પડે છે તે પ્રમાણે રત્નત્રયના સંપૂર્ણ પ્રકટીકરણ માટે જ્ઞાન અને ક્રિયા ઉભય નયોની આવશ્યકતા છે; જે જે નયોદ્વારા આત્મવિકાસ વધતો જાય તેને નયોનું અનુક્રમે અવલંબન લઇ સાધ્ય સિદ્ધ કરતાં જવાનું હોય છે જૈન દર્શનનો આ અનેકાંતવાદ છે. અનાદિ કાળનું આ છૂપું ધન પ્રકટ કરવા માટે પરમાત્માની મૂર્તિ પાસેથી તથા સદ્દગુરુ અને શાસ્ત્રના વચનામૃતમાંથી જીવન્ત પ્રેરણાઓ ( Living motives ) પ્રાપ્ત કરવાની છે અને એ રીતે જૈન દર્શનના અનેકાંતવાદને અનુસરતાં કર્મ ઉપર વિજય મેળવવાનું સામર્થ્ય વધારી દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સપ્ત નયોનો સમાવેશ કરવાની કળા ક્રિયાત્મક ( Active ) થતાં અંતરાત્મ અવસ્થામાંથી પરમાત્મ અવસ્થા પ્રકટ કરવા નવીન વર્ષ **૩૭** ની સંજ્ઞા પ્રેરણા આપે છે. કાળ અનાદિ અનંત છે. આત્માનું અસ્તિત્વ પણ અનાદિ અનંત છે. શ્રી રવીન્દ્રનાથ ટાગોરના કથન મુજબ "જન્મ અને મૃત્યુ એક સિક્કાના બે પાસા છે." જન્મ અને મૃત્યુરૂપ કાળપર્યાયમાં આત્માના વિભાવિક પર્યાયોને અનેક વખત અનુભવવા છતાં આત્માનું અમરપણું જૈન દર્શન અને ભગવદ્ ગીતા પણ વર્ણવે છે. આત્માના સ્વાભાવિક પર્યાયો દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. આત્મા આ રીતે અમર હોવાથી જો તે **भावितभावो भवेष्वनेकेषु** એ તત્ત્વાર્થ ભાષ્યના વાક્યાનુસાર અનેક જન્મોદ્વારા શુભ સંસ્કારો મેળવ્યા કરે છે તો તેના પરિપાકરૂપે આનંદરૂપ પ્રકાશ પોતામાંથી પ્રકટાવી શકે છે અને હંમેશને માટે નિશ્ચય અને વ્યવહાર બન્ને દષ્ટિબિંદુથી અજર–અમર બને છે; આ વસ્તુસ્થિતિ પ્રાપ્ત કરવા માટે જ શ્રી તીર્થંકરોની વાણીનો પ્રયાસ છે.

**સંક્રાંતિ કાળ—**

રાજસ્થાની લડતોના ઉગ્ર મંડાણ પછી પ્રત્યેક સ્થળે અસાધારણ નિરાશા વ્યાપી રહી છે. મહાત્મા ગાંધીજીના ઉપવાસો પણ રાજકોટમાં પ્રજાકીય હક્કો માટેની લડતને અંગે નિષ્ફળ ગયા છે. હૈદ્રાબાદનો આર્ય સત્યાગ્રહ અમુક અંશે અનેક ભોગો અને યાતનાઓ પછી વિજયી થયો છે. મહાત્મા ગાંધીજીને પણ પરિસ્થિતિ તપાસીને ' રૂક જાઓ ' નો આદેશ આપવો પડ્યો છે. રાષ્ટ્રીય વર્તુળમાં પણ સત્તા, સ્વાર્થ અને નેતાગીરીના કલહો નજરે પડે છે. કોમવાદ અને પ્રાંતવાદના ઝઘડાઓ સર્વત્ર નજરે પડે છે. પ્રતિષ્ઠિત મહાસભામાં કેટલીક અશુદ્ધિઓવાળાં કુટકળ બળો ઘુસી ગયાં છે. હિંદ બહાર જડવાદી પશ્ચિમના દિલમાંથી મનુષ્યત્વ ઓસરી ગયું છે. બુદ્ધ ધર્માનુયાયી ચીન અને જાપાન બે બે વરસો થયાં પુષ્કળ માનવસંહારવાળા ભયંકર સંગ્રામમાં જોડાઇ રહ્યાં છે. યુરોપ પણ નવા રણસંગ્રામની આગાહીઓથી ધ્રુજી રહ્યું છે. હિંદુસ્તાનમાં બેકારી અને ભૂખમરાથી લોકો ત્રાસી ગયા છે અધૂરામાં પૂરું દુષ્કાળ પણ કચ્છ–કાઠિયાવાડ. ગુજરાત, મારવાડ, સિંધ વિગેરે અનેક સ્થળોએ ડોકિયું કરી રહ્યો છે. સમગ્ર રીતે દેશનો મામલો કટોકટીભર્યો હોઇ જૈન-જનતા પણ વ્યાપક સંક્રાંતિકાળમાં પસાર થઇ રહી છે.

આ સંક્રાંતિ કાળમાંથી વહેલી તકે અખિલ માનવસમાજ પસાર થઇ રાજ્ય અને પ્રજાવર્ગનાં ઇર્ષા, કુસંપ, વૈમનસ્ય અને અન્ય ભૌતિક તેમજ માનસિક દુઃખો દૂર કરવા સાથે તેમજ ધર્મપૂર્વક પુરુષાર્થ પરાયણ બની અર્થ અને કાળની સાધના માટે સ્વતંત્ર ભાવના અને આત્મબળથી ઓતપ્રોત નવયુગની શાંતિ–ઉષા પ્રકટાવવા શાસનના શ્રી અધિષ્ઠાયક દેવ પ્રતિ અભ્યર્થના છે.

**સંસ્મરણો—**

ગત વર્ષમાં ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણમાં શ્રી હૈમસારસ્વત સત્ર કૉન્ફરન્સ જેવા દબદબાપૂર્વક, સાક્ષરોની હાજરીમાં ઉજવાઇ ગયો. તે પ્રસંગે જૈન સાહિત્ય પરિષદ્ મુંબઇ સરકારના રાષ્ટ્રીય ગૃહમંત્રી માનનીય શ્રી. કનૈયાલાલ મુનશીના પ્રમુખસ્થાને ભરાઇ હતી; અને તેમના હસ્તક શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરનું ઉદ્દ્ઘાટન થયું હતું. આ શુભ પ્રસંગે વિ. સં. બારમા અને તેરમા સૈકાનો ઇતિહાસ સજીવન કરવામાં આવ્યો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કે જેઓ ગુજરાતની અસ્મિતાના આદ્યદ્રષ્ટા હતા તેમને અર્ધ્ય આપી માનવમેદની કૃતાર્થ થઇ હતી. હિંસા અને દારૂને પોતાના રાજ્યમાંથી દેશવટો આપી અમારિ પડહ વજાડનાર કુમારપાળ રાજાનો અને શ્રી હેમચંદ્રાચાર્યનો પ્રસંગ જુદા જુદા સાક્ષર વક્તાઓ તરફથી ઐતિહાસિક તેમજ સાહિત્યદૃષ્ટિએ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગ ત્યાં વિરાજતા વયોવૃદ્ધ પૂ. પ્ર. મુ. કાંતિવિજયજી મહારાજની હાજરીમાં બન્યો હતો. આ મુનિરાજશ્રીની જીવનવ્યાપી શ્રુતભક્તિ અને પ્રાચીન હસ્તલિખિત પ્રતોના સંશોધક અને સંગ્રાહક તરીકે અત્યાર સુધીની સેવા ભારતના સાહિત્ય અને ઇતિહાસસંશોધનની તવારીખમાં અમર રહે તેવી છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી ભાષાના સેંકડો ગ્રંથોને એમણે વિનાશના મુખમાંથી બચાવી લીધા હતા. પાટણ અને લીંબડીના પ્રાચીન જૈન પુસ્તકોના ભંડારોનો ઉદ્ધાર કરવામાં તેમણે તથા તેમના બે સાક્ષર શિષ્યો મુ. શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુ. શ્રી પુણ્યવિજયજી મહારાજે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અનેક હિંદી વિદ્વાનો, પ્રો. જેકોબી, વીંટરનીસ, સીલ્વર લેવી, નોર્મન અને બ્રાઊન જેવા પાશ્ચાત્ય સંશોધકોને પણ એમણે અનેક પ્રકારે સહાય કરેલી છે. આ મુનિરાજ કે જેમની સાહિત્ય જગતમાં અણમૂલ કીંમત છે, તેમની હાજરીમાં પ્રસ્તુત પ્રસંગ ઊજવાયો. જેથી તેમનું લગભગ પાંત્રીશ વર્ષોનું સ્વપ્ન ઉપરોક્ત સત્રદ્વારા તેમજ જ્ઞાનમંદિરના ઉદ્ઘાટનદ્વારા ફલિભૂત થયેલું જોઇ લગભગ બાસી વર્ષની ઉમ્મરે એમને પ્રશસ્ત હર્ષ થાય તે સ્વાભાવિક છે. આ સભા તરફથી સેક્રેટરી ભાઇ વલ્લભદાસ તથા ભાઇશ્રી ફતેહચંદભાઇ વિગેરે તે પ્રસંગે ગયા હતા અને સેક્રેટરી તરફથી નિબંધ પણ વાંચવામાં આવ્યો હતો. આ રીતે ગત વર્ષનું ઐતિહાસિક ચિરસ્મરણીય કાર્ય કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યને અર્ધ્ય આપવારૂપે પ્રકાશિત થયું છે. પ્રસંગોપાત શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથમાળાની યોજના પણ રચાણી છે. રા. મુનશીએ પોતાનાં પુસ્તકો, ઐતિહાસિક પાત્રોનું નિરૂપણ તથા Gujarat & its literature વિગેરેમાં શ્રી હેમચંદ્રાચાર્યના દ્વયાશ્રય મહાકાવ્ય વિગેરેને અંગે જે જે સ્વકલ્પિત હલકા અભિપ્રાયો આપેલ છે તેને માટે તેમના અધ્યક્ષપણા નીચે ઊજવાયલા શ્રી હૈમસારસ્વત સત્રે એમની ભૂતકાલીન કલ્પનામય કારકીર્દીનું સંશોધન કર્યું છે અથવા બીજી દૃષ્ટિએ સ્વયમેવ એમની ભૂલનું પ્રાયશ્ચિત્ત થયું છે. જે તેમના પ્રમુખસ્થાનેથી બોલાયેલા નીચેના ઉદ્ગારો દર્શાવે છે.

" શ્રી હેમચંદ્રાચાર્ય એટલે પ્રખર વિદ્વાન, કવિ, ઇતિહાસકાર, વૈયાકરણી અને કોશકાર; ગુજરાતના કલિકાલસર્વજ્ઞ અને ગુજરાતની એકતા અને મહત્તાને પોતાની કલ્પનાવડે મૂર્ત કરતા વિશ્વકર્મા. "

( હેમ્બર્ગ ) જર્મન યુનિવર્સિટીના પ્રો. શુબ્રીંગ જૈન સાહિત્ય તથા જૈન હસ્તલિખિત પ્રતિઓ તેમજ સાહિત્યનું લીસ્ટ તૈયાર કરી રહ્યા છે અને ડો. જોન્સનનું ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૪–૫ નું અંગ્રેજી ભાષાંતર નામદાર ગાયકવાડ સરકાર તરફથી ચાલતી વડોદરા ગાયકવાડ ઓરીએંટલ ઇન્સ્ટીટયુટ છપાવી રહેલ છે, તેમજ બર્લીન યુનિવર્સિટીના પ્રો. એલ્સફોર્ડ વસુદેવહિંડીનું જર્મની ભાષામાં ભાષાંતર કરી રહ્યા છે.

ગત વર્ષમાં શ્રી હેમચંદ્રાચાર્યનો જયંતી-ઉત્સવ અમદાવાદમાં પણ ધામધુમપૂર્વક ઉજવાઇ ગયો. કલિકાલસર્વજ્ઞનું વાસ્તવિક બિરુદ ધરાવનાર એક ગુર્જર સંસ્કારસ્વામીના ગુણગાનમાં સૌ કોઇ ગુજરાતી પ્રશસ્ત અભિમાન લે અને જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિનો અનુરાગી અહોભાગ્ય સમજે એમાં આશ્ચર્ય નથી. સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી કસ્તૂરભાઇ લાલભાઇ તથા જયંતી સમારંભના પ્રમુખ મુંબઇ રાષ્ટ્રીય સરકારના અર્થસચિવ શ્રીમાન્ લઠ્ઠે હતા. ઉભય મહાશયો પ્રસંગોપાત, ઉચિત રીતે ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક અને સાહિત્યિક દૃષ્ટિએ અંજલિ સમર્પી કૃતાર્થ થયા હતા.

હાલમાં કેટલોક વખત થયાં પં. શ્રી પ્રીતિવિજયજી ગણિવર કે જેઓ બાલબ્રહ્મચારી, સ્વ૦ શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજયકમલસૂરિના શિષ્ય શ્રી વિજયમોહનસૂરિના શિષ્ય છે. તેઓ હાલમાં મુંબઇમાં બિરાજમાન છે. તેઓશ્રી ગોડીજીના ઉપાશ્રયમાં ભગવતીસૂત્રનું વાંચન કરે છે. તેઓના પ્રયત્નવડે અનેક ધાર્મિક કાર્યો થઇ રહ્યા છે. તેમના હસ્તક સ્વ૦ કર્પૂરવિજયજી સ્મારક ફંડ સમિતિ સ્થપાણી છે અને તે સમિતિદ્વારા મુ. શ્રી કર્પૂરવિજયજીના લેખોનું પ્રકાશન થઇ રહ્યું છે.

પૂ. આ. શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી પાલીતાણામાં તૈયાર થયેલા જૈન સાહિત્યમંદિરનું ઉદ્‌ઘાટન ગત વર્ષના વૈશાક શુદિ ૭મે પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબની હાજરીમાં દબાદબાપૂર્વક થયું હતું. અહીં હજારો પ્રતો અને ગ્રંથો વિગેરે સાહિત્યનું સંગ્રહાલય થશે, તેને ભવિષ્યમાં એક સારી કમીટી સ્થાપી સુવ્યવસ્થિત કરવા માટે નમ્ર વિનંતિ કરીએ છીએ.

શેઠ શ્રી કાંતિલાલ ઇશ્વરદાસને બ્રિટીશ સરકાર તરફથી રાવસાહેબનો તથા મુંબઇ સરકાર તરફથી જે. પી. નો તથા શેઠ શ્રી માણેકલાલભાઇ ચુનીલાલને જે.પી. નો ખીતાબ અર્પણ થવા માટે અભિનંદન આપીએ છીએ, અને ઉભય વ્યક્તિઓ દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ કાર્યોમાં લક્ષ્મીનો સદ્‌વ્યય કરી અધિકાધિક પ્રગતિ કરે તેમ ઇચ્છીએ છીએ.

બડૌતમાં પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા લગભગ અઢી હજાર અગ્રવાલોને શ્વે. મૂ. પૂ. જૈન બનાવનાર દર્શનવિજયજી આદિ ત્રિપુટી મુનિરાજો પધાર્યા હતા. ત્યાં આત્મવલ્લભનગરમાં મોટો મેળો ભરાયો હતો. સાત દિવસો સુધી વ્યાખ્યાનો, પૂજાઓ, નવકારસી વિગેરે સમારંભો સાથે પ્રતિષ્ઠા થઇ હતી. પંજાબમાં પણ આ. શ્રી વિજયવલ્લભસૂરિની પ્રેરણાથી જૈનશાસનની પ્રભાવના વિવિધ રીતે થઇ હતી. મુજફરનગર જિલ્લામાં પૂર્વોક્ત મુ. શ્રી દર્શનવિજયજી મહારાજ વિ. ત્રિપુટીએ જૈન શાસનનો ધ્વજ ફરકાવવા સાથે તેમના ઉપદેશથી હજારોની સંખ્યામાં અન્ય દર્શનીઓ જૈનદર્શનાનુયાયી થયા છે.

જૈન કોન્ફરન્સનું ૧૫મું અધિવેશન ગત વર્ષમાં ભાવનગરખાતે ભરવાનું નિર્ણીત થયું હતું. સ્વાગતાધ્યક્ષ તથા જનરલ સેક્રેટરીઓ અને અન્ય સમિતિઓની પણ તે માટે નીમણુક થઇ હતી. બાલદીક્ષાનો વિવાદાત્મક પ્રશ્ન કે જે સમાજને બે પક્ષમાં વહેંચી નાંખવાના કારણભૂત થયેલો છે તેનું નિરાકરણ તો સાધુ સમ્મેલન તરફથી થએલું છે, પરંતુ દેવદ્રવ્ય અને વિધવાવિવાહના પ્રશ્નો સમાજ પાસે આવવાનો ભય ઊભો થવાથી કોન્ફરન્સને અંગે બે પક્ષમાં સંપ-સમાધાન નહિં હોવાથી ભાવનગર ખાતે મુલતવી રહેલ છે.

પુરાતન સરાક (શ્રાવક) જાતિના ઉદ્ધારનું મહાકાર્ય માનભૂમ જિલ્લા(બંગાલ-બિહાર-ઓરિસા) માં ઉ૦ શ્રી મંગલવિજયજી મહારાજની પ્રેરણાથી ચાલુ છે. જૈન ધર્મ પ્રચારક સભા કલકત્તા તરફથી છેલ્લાં એક બે વર્ષ થયાં સરાકજાતિ કે જે ત્રણ લાખ જેટલી સંખ્યામાં છે તેમને જૈન બનાવી શિક્ષણશાળાઓ ખોલવાનું, ધર્મસાહિત્ય પ્રચારવાનું, અને સામાન્ય રીતે બીજી મદદો પહોંચાડવાનું કાર્ય ચાલુ છે. જૈન સમાજને શુદ્ધિના આ મહાન કાર્યને વિશેષ સહાનુભૂતિપૂર્વક આર્થિક સહાય કરવા અમો સૂચવીએ છીએ.

પ્રધાન મંડળે મુંબઇ તથા મુંબઇ ઇલાકામાં દારુનિષેધનું અસાધારણ પગલું કાયદેસર સરકારી હુકમ મારફત શરૂ કર્યું છે. પાટણ હૈમસારસ્વત સત્ર પ્રસંગે શ્રી મુનશીજીએ કહ્યું હતું કે "જે આચાર્યશ્રી મારફત પ્રજાજીવન સમૃદ્ધ થયું હતું તે શ્રી હેમચંદ્રાચાર્યના સમયમાં રાજસત્તાનો યુગ મધ્યાહ્ને હતો, શ્રી હેમચંદ્રાચાર્યની આજ્ઞાથી કુમારપાળે જૈન દર્શનને અભિપ્રેત મદ્યનિષેધનો કાયદો કર્યો હતો. તેને જ મળતું વર્તમાન રાષ્ટ્રીય સરકારનું આ માત્ર એક અનુકરણ છે." આ મદ્યનિષેધ જૈન સંસ્કૃતિનું એક અંગ છે, જૈનોએ સાત વ્યસનોમાં મદ્યને નરકનું દ્વાર ગણેલું છે; જેથી સમસ્ત જૈનોએ ખાસ કરીને આ પ્રવૃત્તિને ઉત્તેજન આપવું જોઇએ. આ મદ્યનિષેધનું પગલું વર્તમાન વિલાસી જમાનામાં દારુની બદીવાળા મનુષ્યોને માટે ભવિષ્યકાળના આશીર્વાદરૂપ છે. એકંદરે આ પરિસ્થિતિ આઠે પ્રાંતોમાં ચાલુ થાય અને દારુની બદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રમે ક્રમે રાજસ્થાનોમાંથી પણ નાબૂદ થાય તેવી જૈન સમાજ સફળતા ઇચ્છે છે.

શેઠ **મુ**ગાલાલ **ગો**એન્કા-એક **જૈ**નેતરના-ઔદાર્ય ગુણવડે મોટી સખાવતથી **મું**બઇમાં **ભા**રતીય **વિ**દ્યાભુવન ગત વર્ષના કારતક શુદિ ૧૫ મે શ્રી **હે**મચંદ્રાચાર્યના જન્મ-જયંતીદિને સ્થપાયું છે; મેળાવડો રા. રા. શ્રી **મુ**નશી સાહેબના પ્રમુખપણા નીચે થયો હતો. આ સંસ્કૃતિ વિષયક સંસ્થામાં શ્રી હેમચંદ્રાચાર્યના સૂક્ષ્મ અને આંતરભાવને પ્રફુલ્લિત બનાવે તેવી યોજના માટે ભાષણો થયાં હતાં. અન્ય વૈદિક વિગેરે સંસ્કૃતિ સાથે જૈન ધર્મ અને જૈનસંસ્કૃતિ વિષે વ્યાખ્યાનોનો પ્રબંધ માસિક પત્રિકા દ્વારા અથવા પુસ્તકરૂપે પ્રકટ કરવામાં આવે તો તેનો લાભ **મું**બઇ શહેરની બહાર વસતી પ્રજા પણ મેળવી શકે; તે માટે સંચાલકોને પ્રબંધ કરવા સૂચના કરીએ છીએ. શારીરિક અને માનસિક વિકાસ સાધી શકવાના અને કુરૂઢીઓને નિર્મૂળ કરવાના આશય સાથે મુંબઇમાં જૈન મહિલા સંઘની સ્થાપના થઇ છે. કૃત્રિમ જલસાઓને લઇને આપણો સ્ત્રી સમાજ નિષ્પ્રાણ જેવો છે તેવે સમયે આ મહિલા સંઘ, અંધકારમય જીવન વીતાવનારી બહેનોને શારીરિક કસરત અને અક્ષરજ્ઞાનદ્વારા સ્વાવલંબી બનાવી ધાર્મિક સંસ્કારો સાથે શક્તિસંપન્ન બનાવે તેમ ઇચ્છીએ છીએ. શ્રીયુત **ગો**પાળદાસ **જી**વાભાઇ પટેલે શ્રી **ભ**ગવતી સૂત્રના સારનું પુસ્તક બહાર પાડી તેના લેખના ઉતારારૂપે **પ્ર**સ્થાન માસિકમાં '**મ**હાવીર અને માંસાહાર'ની હકીકત રજૂ કરી જૈન સમાજમાં ઉહાપોહ મચાવી મૂક્યો હતો, ગુરુગમવિહીન એકલી બુદ્ધિ આસપાસના શબ્દરચનાનો સંદર્ભ વિચાર્યાં વિના માત્ર શબ્દાર્થ શોધન કરવા બેસે છે ત્યારે વનસ્પતિના નામો પણ માંસાહારનો ભ્રમ ઉપજાવે છે. ભગવાન **મ**હાવીર પરમ અહિંસાના જ પ્રરૂપક હતા તો તેઓ શું માંસાહારની હકીકત રજૂ કરે? શાસ્ત્રમાં **અજ** અને **સિંધવ** વિગેરે શબ્દોના અર્થોના વ્યાકરણ દૃષ્ટિએ "ધાન્ય અને બકરો તેમજ મીઠું અને ઘોડો" ફેરફારો મોજુદ છે-એ શ્રીયુત ગોપાલદાસે બારીકાઇથી તપાસી લેવાની જરૂર હતી. આ બાબતમાં તેમને શાસ્ત્રીય પ્રમાણપૂર્વક ખુલાસારૂપે શ્રી **સા**ગરાનંદસૂરિ, શ્રી **લા**વણ્યસૂરિ, શ્રી **વિ**દ્યાવિજયજી તથા શ્રી ધુરંધરવિજયજીએ ટ્રેકટો બહાર પાડેલાં છે. વળી લગભગ ત્રણ વર્ષ અગાઉ **જૈ**ન પ્રકાશમાં **રે**વતી દાન સમાલોચનાવાળા પ્રકરણમાં શ્રી **ર**ત્નચંદ્રજી સ્થાનકવાસી સાક્ષર મુનિએ પણ સંસ્કૃતમાં માંસાદિ શબ્દોના અર્થો વનસ્પતિ રૂપે બતાવેલ છે. શ્રી **ગો**પાળદાસ જો તેઓ પ્રમાણિક વિચારવાળા અને ન્યાયબુદ્ધિમાં માનતા હોય તો સત્વર પોતાની ભૂલ સુધારી જાહેર રીતે સમાજ સમક્ષ મૂકે એ અમારી તેમને સમયોચિત સલાહ છે.

શ્રી **માં**ગરોળ **જૈ**ન કન્યાશાળા ખાસ કરીને મુંબઇમાં એક સારૂં ભવિષ્ય અર્પતી સુંદર સંસ્થા છે. તેના સંચાલકો શેઠ **કાં**તિલાલ ઇશ્વરદાસ, શેઠ **મા**ણેકલાલ **ચુ**નીલાલ તથા શ્રીયુત **ર**તીલાલ **વા**ડીલાલ તથા શેઠ **કાં**તિલાલ **બ**કોરદાસ વિગેરે મુખ્ય છે. લગભગ સવાલાખ રૂપીઆની સખાવત ગર્લ્સ હાઇસ્કૂલ કરવા માટે તથા અન્ય ઉત્તેજન માટે રાવસાહેબ શ્રીયુત શેઠ **કાં**તિલાલ ઇશ્વરદાસ તરફથી થયેલી છે. તેનો સુવર્ણ મહોત્સવ થવાના નજીકમાં સંભવો છે. સ્ત્રીશિક્ષણ, ગર્લ્સહાઇસ્કૂલ, ઉદ્યોગશાળા અને લાઇબ્રેરીનો વિકાસ તે માટે ચાલુ છે. પ્રસ્તુત સંસ્થા સવિશેષ પ્રગતિ કરો તેમ ઇચ્છીએ છીએ.

કોન્ફરન્સ તરફથી કેળવણી પ્રચાર કેંદ્રસ્થ સમિતિ તરફથી સન ૧૯૩૮ના કાર્યનો અહેવાલ બહાર પડેલો છે તે ઉપરથી જણાય છે કે કેળવણી તથા ઉદ્યોગ પ્રચારનું કાર્ય ઠીક ઠીક રચનાત્મક (Constructive) પ્રગતિ સાધી રહ્યું છે.

સ્થાનકવાસી **કો**ન્ફરન્સનું ૧૦મું અધિવેશન મુંબઇખાતે આગામી ડીસેંબરના છેલ્લા અઠવાડીઆમાં ભરાવાનું નક્કી થયેલું છે; આ ઉપરથી આપણી કોન્ફરન્સના આગેવાનોને સંગઠન માટે જલ્દી સાવચેત થવા પુનઃ પુનઃ સૂચવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**લેખદર્શન—**

પ્રસ્તુત માસિકે ગતવર્ષમાં ગદ્ય અને પદ્ય લેખો મળીને લગભગ ૧૦૮ લેખો આપેલા છે; જેમાં ૩૩ પદ્ય લેખો અને ૭૫ ગદ્ય લેખો છે. પદ્ય લેખોમાં પૂ. પ્ર. શ્રી કાંતિવિજયજી મહારાજના શ્રી હેમચંદ્રસૂરિને પધારવા વિનંતિરૂપે કાવ્યના હૃદયોદ્‌ગારો ઘડીભર પાટણમાં હૈમસારસ્વત પ્રસંગે શ્રી હેમચંદ્રસૂરિના આત્માનું સૂક્ષ્મ આહ્‌વાન કરતા હોય તેમ લાગે છે. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરિની કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ સ્તુતિ, પં. શ્રી સમુદ્રવિજયજીની શ્રી હેમચંદ્રાચાર્ય સ્તવના, શ્રી હેમેંદ્રસાગરના ગદ્યાત્મક કાવ્યરૂપે આ. શ્રી હેમચંદ્રસૂરિ તથા ઉ. શ્રી યશોવિજયજીને સાહિત્યાંજલિ, શ્રી લક્ષ્મીસાગરના વીર પ્રભુ સ્તુતિ વિગેરે કાવ્યો, શ્રી વિજયકસ્તૂરસૂરિના 'નથી મૃત્યુ વીસરવાનું' વિગેરે બે કાવ્યો—એ તમામ શાંતરસપ્રધાન હોઇ ચિંતનપ્રધાન કૃતિઓ ભાવનાવાહી છે. એકંદરે સાહિત્યસૃષ્ટિમાં ગત વર્ષમાં સાધુમહાત્માઓએ પદ્ય તથા ગદ્ય લેખોનો ફાળો સારી રીતે આપેલ છે. પદ્ય લેખોના લગભગ આઠ લેખો રેવાશંકર વાલજી બધેકા કે જેઓ સં. ભાવનગરના કેળવણીખાતામાં ૩૦ વર્ષ માસ્તર તરીકે સારી રીતે સેવા કરી નિવૃત્ત થયેલ જૈન ધર્મના પ્રશંસક એક પ્રસિદ્ધ કવિ છે, જેનાં છંદો, બોધક કાવ્યો—દીપદર્શનમાં આત્મદર્શન તેમજ મહાવીરસ્વામી અને ચંદન વૃક્ષ વિગેરે પ્રતિબિંબિત થાય છે. ડૉ. ભગવાનદાસ મહેતાના ધર્મશર્માભ્યુદય કાવ્યનો અનુવાદ તથા અન્ય પાંચ કાવ્યોમાં સંસ્કૃત ભાષા ઉપર તેમનો સુંદર કાબૂ તથા અલંકાર અને છંદશાસ્ત્રમાં પ્રવીણતા સૂચવે છે. રા. પોપટલાલ પુંજાભાઇનું 'વીર સ્તુતિ કાવ્ય' વીરતાભર્યું કવિત્વ વ્યક્ત ( realise ) કરે છે. ગદ્ય લેખોમાં સ્વ. સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજીના સોનેરી સુવાક્યોવાળો લેખ હજી પણ સદ્‌ગતની અખંડ લેખનશૈલીનું સ્મરણ કરાવે છે.

આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજનાં 'સુખની શોધમાં' વિગેરે સાત લેખો વિદ્વત્તાપૂર્ણ અને આત્મોન્નતિ કરાવનાર છે; તેમજ પં. ધર્મવિજયજી મહારાજ કે જેમના શ્રુતજ્ઞાનના ચાર લેખ છે, જ્ઞાનના તેઓ સતત અભ્યાસી અને પ્રકરણો વિ. નું સારું જ્ઞાન ધરાવનાર અને એક સારા વ્યાખ્યાનકાર છે. મુ. હંસવિમલનો વિશ્વસંદેશ, મુ. લક્ષ્મીસાગરનો જિનરાજના દ્રવ્યભાવ પૂજનની જરૂર વિગેરે લેખો, પં. સમુદ્રવિજયજીના હસ્તિનાપુરમાં વર્ષીતપનું પારણું વિગેરે ત્રણ લેખો, મુ. ન્યાયવિજયજીના કલ્યાણકારી ધર્મમાર્ગ વિગેરે ત્રણ લેખો, મુ. દર્શનવિજયજીનો 'હાટડીવાળો' લેખ, મુ. ચતુરવિજયજીના હેમચંદ્રાચાર્યવિરચિત સાહિત્ય રેખા તથા ભાનુચંદ્ર ગણિના જીવનવાળા ઐતિહાસિક લેખો, મુ. જયંતવિજયજીનો સં. ૧૭૪૬ના જિનમંદિરોવાળો લેખ, મુ. વિનયવિજયજીનો દુઃખની ભ્રાંતિ, મુ. પુણ્યવિજયજીનો મહાન આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ વિગેરે લેખો એકંદરે તત્ત્વજ્ઞાનવાળા, ઐતિહાસિક શોધખોળથી સમન્વિત, ઉત્તમ પ્રતિભાવાળા, પ્રેરક અને ગુર્જર ભાષા ઉપર સંયમભરી પ્રૌઢિવાળા છે. રા. મોહનલાલ દીપચંદ ચોકસીના કર્મ સ્વરૂપો વિગેરે છ લેખો, રા. રાજપાળ મગનલાલ વોરાના નિયમિત બનો વિગેરે પાંચ લેખો તથા શ્રી વિઠલદાસ મૂળચંદ શાહ બી. એ. ( અભ્યાસી બી. એ. ) કે જેઓ આ સભાના સેક્રેટરી છે તેમનો પાંચ સકાર તથા અધ્યાત્મ શકિતના લાભ એ બે ચાલુ સંપૂર્ણ લેખો તેમજ આત્મશ્રદ્ધા અને પ્રયત્ન વિગેરે લેખો મનનીય છે. બેરીસ્ટર ચંપતરાય જૈનીના Key of Knowledgeના સમ્યગ્‌જ્ઞાનની કુંચીરૂપે ચાલુ અનુવાદ; રા. ચત્રભુજ જેચંદભાઇ બી. એ. એલ.-એલ. બી. ના ઉન્નતિના ઉપાયોનો લેખ, રા. પોપટલાલ પુંજાભાઇના 'બાલ મહાવીર' વિગેરે બે લેખો; નાગકુમાર મકાતીના 'તીર્થની મહત્ત્વતા' વિગેરે બે લેખો, મીસ પાર્વતી બી. એ.નો Lord Mahavirનો લેખ, કાકા કાલેલકરના 'ભારત વર્ષના ધર્મો' તથા 'જૈન સમાજ સાથેનો મારો પરિચય' વિગેરે બે ગહન વિદ્વત્તાવાળા લેખો; રા. ગાંધીના લોભ વિગેરે બે લેખો—આ તમામ લેખોમાં કેટલાક અનુવાદવાળા, કેટલાક લાક્ષણિકભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્જકતા( Creative )વાળા, કેટલાક અંતઃ-સ્ફુરિત ( Intutive ) રચનાકૌશલ્યવાળા, અને કેટલાક તત્ત્વજ્ઞાનરૂપ દોરાવડે વાચ્ય અને લક્ષ્ય ઉભયનું સંધાન કરવાવાળા સંક્ષિપ્તમાં છે એમ અમોને લાગ્યા છે. તદુપરાંત સ્વામી રામતીર્થ, કિશોરલાલ મશરૂવાળા, આનંદશંકર બા. ધ્રુવ વિગેરે સાક્ષરોનાં પ્રસંગોચિત અવતરણો, વર્તમાન સમાચારના ૧૧ લેખો તથા સમાલોચનાના ૮ લેખો આ સભાના સેક્રેટરી તરફથી પ્રેરિત છે અને નૂતનવર્ષનું મંગલમય વિધાન જે પ્રથમ અંકમાં આપવામાં આવેલ છે તે માસિક કમિટી તરફથી આપવામાં આવેલ છે ને તેના લેખક માસિક કમિટીના સભ્ય બંધુશ્રી ફતેહચંદ છે.

**દિલગીરી—**

ગત વર્ષમાં આ. શ્રી વિજયનેમિસૂરિના શિષ્ય બાલબ્રહ્મચારી પં. શ્રી ગીર્વાણવિજયજી ભાવનગરમાં જ કાલધર્મ પામ્યા હતા. તેમના અંતિમ નિર્વાણ ઉત્સવ **ભા**વનગર સંઘે ભકિતપૂર્વક કર્યો હતો. તદુપરાંત લાઇફ મેમ્બરો ફોટોગ્રાફર **પ**રભુદાસ **રા**મચંદ કે જેઓ આ સભા તરફ સહાનુભૂતિ ધરાવનાર જૂના સભાસદ હતા, રા. વોરા **ના**નચંદ **ઓ**ડીદાસ, રા. **અ**મીચંદ **દી**પચંદ ધ્રુવ, રા. **ને**મચંદ **કું**વરજી, રા. ગુલાબચંદ **વી**ઠ્ઠલદાસ તથા શા **ગિ**રધરલાલ **હ**રજીવનદાસ અને અકાળ મૃત્યુને વશ થનાર રા. **પ**રશોતમદાસ **જ**ગ-જીવનદાસ, તેમજ આ સભાના જૂના કલાર્ક ભાઇ **ર**તિલાલ **મે**ઘજીના થએલા ખેદજનક અવસાનની નોંધ લઇ તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

**જૈન સાહિત્યોદ્ધાર અને ભાવના—**

પ્રસ્તુત નવીન વર્ષમાં ધાર્મિક જીવનમાં પ્રગતિ થાય તેવી સુંદર શૈલીથી લેખો આપવા ઇચ્છા રાખેલી છે. પ્રસ્તુત પત્રનું બાહ્ય શરીર ગતવર્ષથી વિવિધરંગી અને આકર્ષક બનાવાયું છે, પ્રત્યેક માસિકનું મુખપત્ર તીર્થાદિ ચિત્રો (Illustrations)-વાળું ભિન્ન ભિન્ન રીતે બોધક બનેલું છે. મુદ્રા અને શોભનચિત્રો (Designs & decorations) ઉપર ખાસ લક્ષ્ય આપવામાં આવેલું છે. ગત વર્ષમાં આંતર શરીરનું સૌંદર્ય પણ સુંદર લેખોથી અલંકૃત થયેલું છે; તે માટે પૂજ્ય મુનિશ્રીઓ તથા સાક્ષર ગૃહસ્થ લેખકોનો પ્રસ્તુત પત્ર પ્રતિ સહાનુભૂતિ ધરા-વનાર તરીકે આભાર માનીએ છીએ, તેમજ નૂતન વર્ષમાં અમારી ભાવનાને સવિશેષ બળ મળે તેવી વિચારપ્રણાલિકાને લંબાવી જૈન સમાજને સવિશેષ ઉપયોગી લેખો લખવા સાદર નિમંત્રીએ છીએ.

દેવગુરુની કૃપાથી સભા પ્રતિવર્ષ સાહિત્યસમૃદ્ધિ, પેટ્રનો, સીરીઝ અને મેંબરોથી બલવત્તર બનતી જાય છે અને તે માટેની હકીકત દર મહિને ' આત્માનંદ પ્રકાશ ' માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. તે હેતુને ધ્યાનમાં રાખીને લગભગ સભાની સ્થાપનાને ૪૩ વર્ષો થઇ ગયા છતાં-રૌપ્ય મહોત્સવ ઉજવવાનો સભાએ ઠરાવ કરેલો હોવા છતાં-પાંચ કારણોની એકત્રતાની પ્રતિકૂળતાને અંગે રૌપ્ય મહોત્સવ ઉજવી શકાયો નથી તો હવે પ્રભુકૃપાથી સુવર્ણ મહો-ત્સવ ઉજવવાનો સમય નજીક આવ્યો છે તે પરત્વે સભાના કાર્યવાહકોને આ હકીકતનું પુનઃસ્મરણ તાજું કરી વહેલી તકે લક્ષ્યમાં લેવા સૂચવીએ છીએ.

સાહિત્યદ્વારા આપણે દૂર દૂરના ભૂતકાળના જમાનાનું જીવન આપણી કલ્પના સમક્ષ ખડું કરી શકીએ છીએ અને તેને વર્તમાનકાળમાં સરખાવીને માનવ જાતની પ્રગતિનું માપ કાઢી શકીએ છીએ. સાહિત્ય એટલે એના વિશાલ અર્થમાં મહાપુરુષોના ચિત્ત ઉપર બાહ્ય અને આંતરસૃષ્ટિએ જે કલ્પના (Cognism) સંસ્કારો પાડયા હોય અને એ સંસ્કારો ઉપર એ મહાપુરુષોએ સ્વાનુભવ પ્રાપ્ત કરેલો હોય તેની નોંધ હોય છે. જૈનદર્શનનું સાહિત્ય એ સર્વજ્ઞોએ પોતાના જ્ઞાનમાં પ્રતિબિંબિત કરેલી અલૌકિક વસ્તુ છે જે પ્રત્યેક આત્માને આત્મલક્ષી દર્શન કરાવવાનું મંગલમય કાર્ય કરે છે. આ ધ્યેયને આગળ કરીને આ સભાનું મુખ્ય કાર્ય સાહિત્યોદ્ધારનું પ્રથમથી જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલું છે. ગત વર્ષમાં બારમા સૈકાનું પ્રાચીન મહાવીર ચરિત્ર, આત્મકાંતિ પ્રકાશ તથા કલિંગનું યુદ્ધ, વસુદેવ હિંડી કે જે કથાનુયોગનો પ્રાચીનતમ ઇતિહાસ ગ્રંથ છે તેના બે વિભાગો પ્રકાશિત થઇ ગયા છે, બૃહત્કલ્પસૂત્ર (છેદસૂત્ર)ના પાંચ વિભાગોનું પ્રકાશન થયું છે અને છઠ્ઠાના પ્રકાશનની તૈયારી થઇ ગઇ છે. પંચમ અને ષષ્ઠ કર્મગ્રંથ અને ધર્માભ્યુદય મહાકાવ્ય યાને સંઘપતિ ચરિત્ર તેમજ ત્રિષષ્ટિશ્લાકા પુરૂષ ચરિત્ર પર્વ ૨ જું તૈયાર થવા આવ્યું છે. તેમજ ધનપાળ પંડિતવિરચિત તિલકમંજરી વિ. ગ્રંથોની યોજના ઉપરાંત સ્ત્રી ઉપયોગી સીરીઝ ચાલુ છે. આ તમામ સાહિત્યોદ્ધાર ગત વર્ષમાં થવા માટે અમારો પ્રશસ્ત આનંદ વ્યકત કરીએ છીએ અને બૃહત્કલ્પ અને વસુદેવહિંડી જેવા અનુપમ ગહન ગ્રંથના સંશોધન કાર્ય માટે વિદ્વાન મુનિરાજ શ્રીચતુરવિજયનો તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજીનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

ચાલુ વર્ષમાં બે તીર્થંકર ભગવાનના ચરિત્ર, સતીશિરોમણિ દમયંતી ચરિત્ર તથા સંઘપતિ ચરિત્ર તેમજ સ્ત્રીઉપયોગી સતી ચરિત્રના ગ્રંથો પ્રગટ કરવાની યોજના આ સભા તરફથી ચાલુ છે.

## અંતિમ પ્રાર્થના—

સિદ્ધાત્માઓનાં આત્મ દ્રવ્યો અને જ્ઞાન ગુણ અખંડ ( ધ્રુવ ) હોવા છતાં ત્રિકાળના જગતના ભાવે પ્રતિબિંબિત થતાં (પર્યાયરૂપે) ઉત્પાત–વ્યય થઇ રહ્યો છે–એ કલા પરિણતીનું સામ્રાજ્ય ગણી શકાય. આ જૈન દર્શનનું નિત્યાનિત્ય અનેકાંત સ્વરૂપનું રહસ્ય છે. તત્ત્વચિંતક કાકા કાલેલકર પણ કહે છે કે "જૈનદર્શન એક જીવનવ્યાપી સાર્વભૌમ દર્શન છે, સ્યાદ્વાદની ભૂમિકા ઉપર અહિંસા અને તપના સાધનવડે આખી દુનિયાનું સ્વરૂપ ફેરવવાની શકિત જૈનદર્શનમાં છે." તે સાથે સાક્ષર શ્રી લક્ષ્મણ રઘુનાથ ભીડે કહે છે કે "જૈનધર્મ સિવાય બીજો મોક્ષ ધર્મ નથી, પરંતુ બધી સામગ્રી હોવા છતાં પાછળ રખડતો તેના જેવો કોઇ સમાજ નથી. જૈનોમાં ચારિત્ર, શીલ, કૌશલ્ય અને બુદ્ધિ, સંપત્તિ અને આત્મબળ છે. જૈન સિદ્ધાંત જેવું તત્ત્વજ્ઞાન કોઇ ઠેકાણે નથી, પરંતુ સંગઠનના અભાવે એ બધું સામર્થ્ય એળે જાય છે." આ રીતે જિનદર્શન સ્યાદ્વાદમય તમામ તત્ત્વોને સંગ્રહી રહ્યું છે. પુરુષાર્થ સિધ્ધ્યુપાયમાં શ્રી અમૃતચંદ્રાચાર્યે જૈન નીતિને 'છાશ વલોવતી ગોપાંગનાની દોરી' સરખી કહેલી છે. આ ગૌણ મુખ્ય સ્યાદ્વાદ દૃષ્ટિએ વિશ્વના સકલ તત્ત્વોનો સમન્વય (Compromise) કરી મહાત્માઓએ સ્વપુરુષાર્થથી આત્મિક આનંદ પ્રગટ કરેલો છે. સ્વામી રામતીર્થના શબ્દોમાં "મૃત્યુ મારા ઉપર વણાટકામ આડુંદોડું મચાવી રહ્યું છે, છતાં, હું તો અમર છું. આ શ્વાસોચ્છ્વાસ સૃષ્ટિમાં આ અખંડ જાગૃત મહાસાગરના તરંગોની સંખ્યામાં હું જન્મ્યો છું, છતાં વાસ્તવમાં હું આજન્મ છું "–આવા પ્રકારના અનેકાંતિક ભાનથી વિશ્વ અને પ્રાણી પદાર્થો ઉપર જે મહાત્માઓની દૃષ્ટિ ફેરવાઈ ગઇ છે, જેને માટે શ્રીમદ્ આનંદઘનજી જેવા અધ્યાત્મયોગીએ "મુકિત સંસાર બેહુ સમ ગણે" ના ઉદ્ગારો સ્તવ્યા છે. આ પરિસ્થિતિમાત્ર તર્કવાદ કે બુદ્ધિજન્ય (Rational) નથી પરંતુ અંતઃસ્ફુરિત છે, જેથી આત્માને કોઇપણ સ્થળે વિષમતા ભાસતી નથી. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના શબ્દોમાં આ આત્માનો ઉન્મની ભાવ છે, પ્રત્યેક આત્માને આવું તર્કવાદની પાર રહેતું ઉચ્ચ ભાન પ્રકટવા માટે જૈન દર્શનાનુસાર આત્માનંદ પ્રકાશનો સ્તુત્ય પ્રયાસ છે. એ પ્રયાસ માટે નૂતનવર્ષમાં વધારે દૃઢતા, સંસ્કારો પ્રાપ્ત કરવા માટે અને સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્રમાં સવિશેષ પ્રગતિ કરવા માટે શાસનના શ્રી અધિષ્ઠાયક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન

લેખક : શાસનપ્રભાવક શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ

[ ગત વર્ષના પૃષ્ઠ ૨૯૬ થી શરૂ ]

**હવે** જે સમ્યક્ત્વવડે પરિગૃહીત શ્રુત **સમ્યક્શ્રુત** ગણાય છે.તે સમ્યક્ત્વનું શું નિમિત્ત છે? અર્થાત્ એવો કયો હેતુ છે કે જે હેતુવડે આત્માને સમ્યક્ત્વવાળો ગણી શકાય ? તે સ્વરૂપ કહેવામાં આવે છે. મતિજ્ઞાનના અવગ્રહ, ઇહા, અપાય વિગેરે જે ભેદો છે તે ભેદો પૈકી **'અપાય'** નામનો જે ભેદ છે તે જ સમ્યક્ત્વનો હેતુ છે. સમ્યક્ત્વની સંક્ષિપ્ત વ્યાખ્યા એટલી જ છે કે—' **जं जिणेहिं पन्नत्तं तमेव निस्संकं सच्चं** ' ' રાગ–દ્વેષ–મોહ રહિત જિનેશ્વર મહારાજાઓએ જે વસ્તુ-ધર્મનું જે પ્રમાણે નિરૂપણ કર્યું છે તે વસ્તુ–ધર્મ તે પ્રમાણે જ છે ' એવા પ્રકારનો જે નિશ્ચય તે જ સમ્યક્ત્વ છે. જ્ઞાનાવરણીય કર્મના તથાવિધ ઉદયને અંગે ધર્માસ્તિકાય, પરમાણુ વિગેરે સૂક્ષ્મ તત્ત્વોમાં સ્વબુદ્ધિનો પ્રવેશ ન થાય અને વસ્તુતત્ત્વ સમજવાની ઇચ્છા છતાં સમજમાં ન આવી શકે તેવા પ્રસંગે પૂર્વોક્ત નિશ્ચય જો હોય તો તે સમ્યક્ત્વ ગણી શકાય છે. મતિજ્ઞાનના ' અપાય ' નામના ભેદનો અર્થ સામાન્ય રીતે ' નિશ્ચય ' એવો થાય છે. જ્યાં સુધી આત્મા મિથ્યાત્વમોહનીયના ઉદયવાળો હતો ત્યાં સુધી તેનો મતિજ્ઞાન સંબંધી અપાયાંશ યદ્યપિ અમુક પ્રકારના નિર્ણયવાળો તો હતો જ પરંતુ તે તેનો નિર્ણય યથાવસ્થિત ન હતો, પરંતુ જ્યારે મિથ્યાત્વમોહનીયનો ઉપશમ–ક્ષયોપશમ થયો ત્યારે તે જ આત્માનો મતિજ્ઞાન સંબંધી અપાયાંશ યથાવસ્થિત વસ્તુતત્ત્વના નિર્ણયવાળો થયો. અને તેનું જ નામ આપણે સમ્યક્ત્વ અથવા સમ્યગ્દર્શન આપ્યું. આવું અપાયનિમિત્તક સમ્યગ્દર્શન યાવત્ મનઃપર્યાયજ્ઞાની સુધી સમજવું, કારણ કે કેવલીભગવંતોને મતિજ્ઞાનના અભાવે અપાયાંશ હોય નહિં, અને અપાયાંશ ન હોવાથી તેઓ સમ્યગ્દર્શની ન કહેવાય, પરંતુ કેવલજ્ઞાનના બલથી લોકાલોકના સર્વ ભાવોને યથાવસ્થિત પ્રત્યક્ષપણે તેઓ જોનારા હોવાથી સમ્યગ્દૃષ્ટિ ગણાય. આ જ વસ્તુ શ્રી બૃહત્કલ્પમાં આ પ્રમાણે જણાવેલ છે—

**आभिणिबोहमवायं, वयंति तप्पच्चयाउ सम्मत्तं ॥**
**जा मणपज्जवनाणी, सम्मद्दिट्ठी उ केवलिणो ॥१॥**

[ ભાવાર્થ સ્પષ્ટ છે. ]

શ્રી તત્ત્વાર્થ ભાષ્યકારે આ બાબતમાં ઘણી જ સ્પષ્ટતા કરેલ છે. અહિં ઉપર જણાવ્યા મુજબ

---

દેવને સહાય કરવા પ્રાર્થના કરી, ગત વર્ષમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનું સૂક્ષ્મ યોગદ્વારા સત્ર પ્રસંગે આવાહન કરવામાં આવ્યું હતું તેમણે યોગશાસ્ત્રમાં સ્વાનુભવરૂપે અંતિમ પ્રકાશમાં આલેખેલો આત્મિક આનંદને વ્યક્ત કરતો મંગલમય શ્લોક સાદર કરી મહાપુરુષને સાહિત્યાંજલિ અર્પી વિરમીએ છીએ.

**मोक्षोऽस्तु वा माऽस्तु,**
**परमानंदस्तु वेद्यते स खलु ।**
**यस्मिन्निखिलसुखानि,**
**प्रतिभासन्ते न किंचिदिव ॥**

" સંપૂર્ણ મુક્તિ ગમે ત્યારે થાઓ, પરંતુ તેની વાનકી રૂપી આત્મિક આનંદ જે અહિં અનુભવાય છે તેને અંગે પૌદ્ગલિક તમામ સુખો કશી બીસાતમાં નથી. "

ॐ शांतिः शांतिः शांतिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યગ્દર્શની અને સમ્યગ્દષ્ટિ એવા બે ભેદ તેઓએ પાડેલા છે. જેઓને દર્શનમોહનીયનો ઉપશમ અથવા ક્ષયોપશમ થવાપૂર્વક મતિજ્ઞાન સંબંધી સમ્યગ્ અપાયાંશ વર્ત્તતો હોય તેઓને સમ્યગ્દર્શની કહેવા. અને જેઓને દર્શનમોહનીયનો ક્ષય થવાપૂર્વક મતિજ્ઞાન સંબંધી સમ્યગ્ અપાયાંશ વર્ત્તતો હોય તે (શ્રેણિકાદિ) તેમજ જેઓને દર્શનમોહનીયનો ક્ષય થવા સાથે છાદ્મસ્થિક મતિજ્ઞાનાદિનો નાશ થયો હોય અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ હોય તેવા કેવલી મહારાજાદિ પણ સમ્યગ્દષ્ટિ કહેવાય છે. ફક્ત અહિં એટલું ધ્યાનમાં રાખવું જરૂરી છે કે શ્રેણિકાદિકનું સમ્યગ્દષ્ટિપણું છે તે અપાય સહચારી હોવાથી **સાદિસાન્ત** છે અથાત્ જ્યારે દર્શનમોહનીયનો ક્ષય થયો ત્યારે સમ્યગ્દષ્ટિપણાની આદિ થઇ અને જ્યારે ઘાતિકર્મના ક્ષય સાથે જ મતિજ્ઞાન સંબંધી અપાયાંશનો નાશ થશે ત્યારે અપાયસહચારી સમ્યગ્દષ્ટિપણાનો અંત થશે, તેમજ કેવલીભગવંતનું જે સમ્યગ્દષ્ટિપણું છે તે **આદિઅનંત** છે. જે અવસરે કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય તે અવસરે સમ્યગ્દષ્ટિપણાની આદિ સમજવી, કેવલજ્ઞાન અનંત હોવાથી સમ્યગ્દષ્ટિપણું પણ અનંતા કાળ સુધી રહેવાનું. એ અપેક્ષાએ સાદિઅનંત* સ્થિતિ કહી શકાય.

એકંદર દૃષ્ટિએ ઉપરનું કથન વિચારાય તો એ સ્પષ્ટ જણાય છે કે તત્ત્વાર્થકાર, બૃહત્કલ્પસૂત્રકારાદિ મહર્ષિઓ સમ્યક્ત્વને જ્ઞાનસ્વરૂપ જ માને છે.

*सम्यग्दृष्टिर्द्विविधा, सादिः सपर्यवसाना सादिरपर्यवसाना च । सादिसपर्यवसानमेव सम्यग्दर्शनम् । [ तत्त्वार्थभाष्यम् ] अस्य प्रतीकस्य टीका–तत्र याऽपायसद्द्रव्यवर्त्तिनी श्रेणिकादीनां सद्द्रव्यापगमे च भवति अपायसहचारिणी सा सादिसपर्यवसाना, यस्मिन्काले श्रेणिकादिभिर्दर्शनमोहसप्तकं क्षपयित्वा रुचिरासा स आदिस्तस्याः, यदा त्वपायः- आभिनिबोधिकमपगतं भविष्यति केवलज्ञाने उत्पन्ने सोऽन्तोऽस्याः सम्यग्दृष्टेः ॥

દર્શનમોહનીયનો ઉપશમ-ક્ષયોપશમ અથવા ક્ષય એ તો સમ્યક્ત્વનું પરંપરાકારણ છે. કર્મપ્રકૃતિ-કર્મગ્રન્થકારાદિ મહર્ષિઓએ એ પરંપરા-(કારણના કારણ)ને મુખ્યતા આપી સમ્યક્ત્વની પ્રાપ્તિમાં સીધે સીધા દર્શનમોહના ઉપશમ-ક્ષયોપશમ અથવા ક્ષયને જ પ્રધાનપદ આપ્યું છે, અને વિચારાય તો તે બાબત લેશ પણ અનુચિત નથી; કારણ કે ભલે અપાય સદ્દ્રવ્યો અથવા કેવલીપણું એ જ સમ્યગ્દર્શન અથવા સમ્યગ્દષ્ટિપણું યથાસંખ્ય ઉપર જણાવ્યા પ્રમાણે કહેવાતું હોય, પરંતુ તે અપાય સદ્દ્રવ્યતા તેમજ કેવલિપણું દર્શનમોહના ઉપશમ--ક્ષયોપશમ અથવા ક્ષય સિવાય યથાસંભવ કાલાન્તરે પણ થવું અસંભાવત છે. જ્ઞાન અને દર્શન બન્ને ગુણના અભેદની અપેક્ષાએ તત્ત્વાર્થકારનું કથન બરાબર છે, જ્યારે ભેદની અપેક્ષાએ કર્મગ્રન્થકારાદિનું કથન યથાર્થ છે.

**હવે એ સમ્યક્ત્વના કેટલા પ્રકાર છે તેમજ તે તે પ્રકારો આત્મામાં કયારે કયારે ઘટે તે વસ્તુ જણાવાય છે–**

સમ્યક્ત્વ પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણેઃ- ઔપશમિક ૧, સાસ્વાદન ૨, ક્ષાયોપશમિક ૩, વેદક ૪ અને ક્ષાયિક ૫. અહિં જે ઔપશમિકાદિનો ક્રમ જણાવ્યો છે તે પ્રાપ્તક્રમની અપેક્ષાએ સમજવો, અર્થાત્ ઔપશમિક સવથી પ્રથમ (સામાન્યતઃ) પ્રાપ્ત થતું હોવાથી સર્વથી પ્રથમ ત, (સિધ્ધાન્તકારના મતે) ઉપશમવાળો અવશ્ય સાસ્વાદને જતો હોવાથી બીજું સાસ્વાદન, ત્યારપછી પામનારો ક્ષયોપશમ પામતો હોઇ ત્રીજું ક્ષયોપશમ, ક્ષયોપશમમાંથી ક્ષાયિક પામનારો વેદક પામ્યા પછી જ ક્ષાયિક પામતો હોવાથી ચોથું વેદક અને સર્વોત્તમ તેમ જ સર્વથી છેલ્લું પ્રાપ્ત થતું હોવાથી પાંચમું ક્ષાયિક સમ્યક્ત્વ કહેવામાં આવ્યું છે.

હવે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ સર્વથી પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તે પ્રણાલિકા જણાવાય છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યક્ત્વ કર્મના ક્ષયથી, ઉપશમથી તેમજ ક્ષયોપશમથી થાય છે. ક્ષયક્ષયોપશમ તથા ઉપશમ એ બદ્ધ કર્મના જ હોઇ શકે છે, પરંતુ નહિં બંધાયેલા કર્મના હોઇ શકતા નથી, એ કારણથી કર્મના સ્થિતિબંધનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ પ્રમાણ જાણવું એ સ્વાભાવિક રીતે જરૂરી ગણાતું હોઇ સંક્ષેપમાં તે અહિં જણાવવામાં આવે છે. જે આ પ્રમાણે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય તથા અન્તરાય–એ ચાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમપ્રમાણ છે, મોહનીયની સીત્તેર કોડાકોડી સાગરપ્રમાણ, નામ--ગોત્ર કર્મની વીશ કોડાકોડી સાગરોપમપ્રમાણ અને આયુષ્યની તેત્રીશ સાગરોપમપ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેમજ વેદનીયની જઘન્યની સ્થિતિ ૧૨ મુહૂર્ત્ત, નામ અને ગોત્ર કર્મની આઠ મુહૂર્ત્ત તથા બાકીના બધા ય કર્મની અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ જઘન્ય સ્થિતિ છે. અહિં પ્રાસંગિક સર્વકર્મની સત્તા કયા જીવોને કયાં સુધી હોય છે? તે પણ જણાવવું ઉચિત લાગવાથી સંક્ષિપ્તપણે કહેવામાં આવે છે. મિથ્યાદૃષ્ટિ-સાસ્વાદન–મિશ્ર—અવિરતસમ્યગ્દૃષ્ટિ–દેશવિરત–પ્રમત્ત–અપ્રમત્ત—અપૂર્વકરણ—અનિવૃત્તિબાદર–સૂક્ષ્મસંપરાય–ઉપશાન્ત મોહ–આટલા ગુણસ્થાનકોમાં આઠે મૂલપ્રકૃતિની સત્તા હોય છે, ક્ષીણ-મોહ ગુણસ્થાનકમાં મોહનીય સિવાય સાત કર્મની સત્તા હોય છે, અને સયોગી તેમજ અયોગી કેવલી ગુણસ્થાનકમાં વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મની સત્તા હોય છે. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી અપ્રમત્ત ગુણસ્થાનક પર્યંત જ્ઞાનાવરણીયાદિ સાત અથવા (આયુષ્ય સહિત) આઠ કર્મનો બંધ થાય છે. આઠમા અને નવમા ગુણસ્થાનકે આયુષ્ય કર્મ સિવાય સાત કર્મનો બંધ થાય છે, દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે આયુષ્ય તથા મોહનીય સિવાય છ કર્મનો બંધ થાય છે, અગીઆર, બાર અને તેર એ ત્રણ ગુણસ્થાનકોમાં ફક્ત એક (શાતા) વેદનીયનો જ બંધ થાય છે અને ચૌદમા અયોગી ગુણસ્થાનકે મિથ્યાત્વાદિક કર્મબન્ધના હેતુઓનો આત્યાન્તક ક્ષય થયેલો હોવાથી આત્મા સર્વથા અબન્ધક છે. મિથ્યાદૃષ્ટિથી પ્રારંભી ઉપશાન્ત મોહ સુધી આઠે મૂલપ્રકૃતિઓ અક્ષીણ છે અર્થાત્ ક્ષીણ થઇ નથી, ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકે (દશમા ગુણસ્થાનકને અંતે મોહનીયનો ક્ષય થઇ ગયેલો હોવાથી) સાત પ્રકૃતિઓ અક્ષીણ છે. તેમજ સયોગી અયોગી કેવલી ગુણસ્થાનકે (ઘાતિકર્મનો ક્ષય થઇ ગયો હોવાથી) ચાર અઘાતિ કર્મ અક્ષીણ છે. અહિં પ્રાસંગિક કયા કર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં કયા કર્મનો નિશ્ચયથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય અને કયા કર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધની ભજના હોય? તે પણ સંક્ષિપ્તપણે જણાવાય છે. મોહનીય કર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં આયુષ્ય સિવાય બાકીના સર્વ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ અવશ્ય બંધાય જ, પરંતુ મોહનીય સિવાય જ્ઞાનાવરણીયાદિ કોઇપણ કર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પ્રસંગે મોહનીય તેમજ અન્ય કર્મપ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય અથવા ન પણ હોય અર્થાત્ ભજના જાણવી. જ્યાં સુધી આત્મસત્તામાં ઉપર જણાવેલ ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ વર્ત્તતી હોય છે ત્યાં સુધી આત્મામાં સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ તો નથી થતી, પરંતુ એ સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિમાં સાધનભૂત યથાપ્રવૃત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણની હદે પણ આત્મા આવી શકતો નથી. આયુષ્ય સિવાય જ્ઞાનાવરણીયાદિ સાતે કર્મોની સ્થિતિસત્તા ઘટતાં ઘટતાં એક કોડાકોડી સાગરોપમમાં પણ પલ્યોપમના અસંખ્યેય ભાગ જેટલી ન્યૂન થાય ત્યારે જ ભવ્યાત્મા સમ્યગ્દર્શનાદિ ગુણોને પ્રાપ્ત કરવા માટે અધિકારી થાય છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થયાત્રા એ પ્રભાવનાનું ઉત્તમોત્તમ અંગ શી રીતે છે?

સં. ગાંધી

## પ્રભાવના ધર્મ—

અલૌકિક, તીર્થંકરભાષિત, સ્વર્ગ અને મોક્ષ-લક્ષ્મીરૂપી સામ્રાજ્યવધૂ(સ્ત્રી)ના સ્વયંવર મંડપ તુલ્ય, ક્ષુદ્ર પ્રાણીઓવડે મુશ્કેલીથી આચરવા લાયક, તીર્થંકરપણાની પ્રાપ્તિના અનન્ય કારણભૂત આ પ્રભાવનારૂપી ધર્મ પાપરૂપી અંધકારને નાશ થવાથી ઉત્તમ શોભાને ધારણ કરે છે. જે પાપને નાશ કરવામાં બીજાં પ્રાયશ્ચિતા અસમર્થ નીવડે છે તે કઠિન પાપને નાશ આ પ્રભાવના ધર્મ કરે છે. ભાવનાથી પોતાનું કલ્યાણ સધાય છે જ્યારે પ્રભાવના સ્વપરહિતસાધક બને છે. આ કારણથી જ **ભાવના** કરતાં **પ્રભાવના** ઉત્તમ છે. જો કે આઠ પ્રકારના પ્રભાવકો (પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન, સિધ્ધ અને કવિ) પ્રસિદ્ધ છે તો પણ અન્ય સિધ્ધાંતોમાં જણાવાયેલા અદ્ભુત શક્તિશાળી બીજા પ્રભાવકો પણ કહ્યા છે. પ્રખર બુધ્ધિમાન રાજાઓથી માન્ય (પ્રણામ) કરાયેલ સમર્થ પુરુષો તીર્થંકર શાસનની પ્રભાવના કરે છે. શ્રધ્ધાયુક્ત વિધિપુરઃસર તીર્થયાત્રા કરવી તેને જ ઉત્તમ મુનિવરોએ પ્રભાવનાનું વખાણવા યોગ્ય અંગ કહ્યું છે. (૧) અઠ્ઠાઇ મહોત્સવ, (૨) રથયાત્રા અને (૩) તીર્થયાત્રા એમ ત્રણ પ્રકારની પ્રભાવના કહી છે. જો કે આ ત્રણે પ્રકારની પ્રભાવના સંતપુરુષની લક્ષ્મીને વિસ્તારે છે તો પણ તીર્થયાત્રા અખૂટ સુખ અપનારી બને છે. દાન, શીલ, તપ, ભાવ ને પ્રભાવથી પ્રગટેલો પુણ્યસમૂહ પૃથ્વીતળમાં ચોતરફ વિસ્તરે છે.

## સંઘ સહિત તીર્થયાત્રા વિધિ

હવે તીર્થયાત્રા કરવાની ઇચ્છાવાળા ભવ્યાત્માએ આગમમાં ફરમાવ્યા મુજબ કરવી જોઇતી ક્રિયા વિધિ અનુક્રમે કહેવાય છે. વિવેકી, ઉચ્ચ ગોત્રવાળા, રાજમાન્ય, ન્યાયસંપન્ન સંપત્તિવાળા, દાની, જનપ્રિય, ગુરુજનની પૂજા કરવામાં તત્પર, જન્મ, જીવિત ને દ્રવ્યના ઉત્કૃષ્ટ ફળની ચાહનાવાળા, શુધ્ધ શ્રધ્ધાવાળા ને પવિત્ર બુદ્ધિવાળા પુરુષે પર્વતિથિએ ગુરુમહારાજ સમક્ષ જઇને વિનંતિ કરવી કે–' હે ભગવન્! તીર્થયાત્રા કરવાવડે કરીને દુર્લભ મનુષ્ય જન્મ, ઉચ્ચ કુળ ને સાધન-સામગ્રીને હું સફળ કરવા ઇચ્છું છું.' ત્યારે ગુરુમહારાજ પ્રોત્સાહન આપતાં જણાવે કે–' તીર્થંકરોને પણ પૂજનિક શ્રી સંઘ તારો સ્વામી થાય તો તું ખરેખર ધન્ય છો, કારણ કે તે સંઘ સેનાપતિની માફક તને સંઘપતિની લક્ષ્મી અર્પશે. હે ભદ્ર! જગતનું કલ્યાણ કરનાર તીર્થંકરપણાની માફક સંઘપતિપણું પણ પ્રાણીઓને આ સંસારમાં પ્રાપ્ત થવું મુશ્કેલ છે. જેણે ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જ્યું હોય, જેનું ભવિષ્યમાં કલ્યાણ થવાનું છે એવા પુરુષની બુધ્ધિ જ તીર્થયાત્રા માટે ઉત્સાહિત બને છે.' આ પ્રમાણે આદર અપાયેલો અને ઉત્સાહ પમાડાયેલો તે પુરુષ પ્રસન્ન ચિત્તવાળા ગુરુ પાસે તીર્થયાત્રા માટે દિવસ નક્કી કરાવે. પછી બહુમાનપૂર્વક સાધર્મી ભાઇઓને યાત્રા નિમિત્તે પધારવા અંતરંગ પ્રેમવાળા લેખો-કંકોત્રીઓ મોકલે. ત્યારબાદ વિશાળ વાહનો, તંબૂઓ, ખજાનો તેમજ પાયદળના સંગ્રહવાળા; ગાડા, રથ તથા તેના કારીગરોના સમૂહવાળા; પાણીના સાધનો, છત્રવાહક તથા મશાલધારીઓથી પરવરેલ; રસોઇઆ, ઔષધ, અનાજ અને વૈદ્ય સહિત; જિનમંદિર, તીર્થ તથા સંઘ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજાને યોગ્ય ચંદન, અગરૂ, કપૂર, કેશર તેમજ ઉત્તમ વસ્ત્ર વિગેરે પદાર્થોથી હર્ષિત; અગાઉથી નક્કી કરેલ શુભ મુહૂર્તે ત્રિજગતાધિપતિનું સ્નાત્ર કરીને, અલૌકિક આંગી-પૂજા રચીને જિનમૂર્તિ સમક્ષ બેઠેલો; મંત્રેલા બલિ-બાકુળાવડે દશ દિક્પાળને બળિદાન આપીને, ગુરુએ હર્ષથી જેને સંઘપતિ પદ આપ્યું છે એવો તે ફૂલ ને સુગંધી દ્રવ્યોથી પૂજાયેલ મંત્રાધિષ્ઠિત રથમાં મોટા મહોત્સવપૂર્વક દેવાધિદેવને સ્થાપે. ત્યારબાદ ગુરૂમહારાજને આગળ કરીને શ્રી સંઘ સાથે ચૈત્યવંદન કરવાપૂર્વક કાઉસગ્ગ ધ્યાનથી **કપર્દી** યક્ષ અને **અંબાજી** વિગેરે દેવ-દેવીઓને સાનિધ્યમાં રાખે. વિઘ્નોને હરનાર મંત્રધ્યાનથી નિર્મળ આત્માવાળા, આત્મકવચરૂપી શસ્ત્રોથી રક્ષાએલા ગુરુ સહિત, ઉછળતા "જય જય" ના શબ્દોથી મનોહર, ન રોકી શકાય તેવા વાજિંત્રના નાદ-અવાજથી આકાશમંડળને ભરી દેતો, પુષ્કળ દાનથી ભિક્ષુકજનોની ઈચ્છાઓ પૂરતો તે નગરના બહારના સુંદર વિભાગમાં પડાવ નાખે.

ત્યારબાદ જુદા જુદા સ્થળોથી આવેલા પોતાના સાધર્મી ભાઈઓનું સન્માન કરીને તેઓ સાથે પૃથ્વીને પ્રેમ ઉપજાવતો; સાથે રહેલા યાત્રિકગણમાંના ધનના અર્થીને દ્રવ્ય, વાહનના ઇચ્છુકને વાહન, નિરાધારને સહાય આપીને ખુશ કરતો; મહાત્મા પુરુષની બિરૂદાવલી ગાનાર ભાટ-ચારણ તેમજ ગાયક લોકોને સ્વશક્તિ અનુસાર અશન-ખાવાપીવાની વસ્તુઓ, વસન-વસ્ત્ર ને દ્રવ્ય વિગેરેથી કૃતાર્થ કરતો; માર્ગમાં આવતા મંદિરોને પૂજતો; પડી ગયેલાનો જીર્ણોધ્ધાર કરતો; તેવું કાર્ય કરનારા ઉપર પ્રેમભાવ રાખતો; અહર્નિશ તેની જ ચિંતા રાખતો; ગરીબ સ્વધર્મી બંધુઓનું સન્માન કરતો; દીન પુરુષોને દાન આપીને ખુશ કરતો; ભયભીત થયેલાને શરણ આપતો; કેદીઓને છોડાવતો; કાદવમાં ખુંચી ગયેલા,ભાંગી ગયેલા તેમજ મુશ્કેલીમાં આવી પડેલા ગાડા વિગેરે વાહનોને તે તે કાર્યના કુશળ કારીગરોદ્વારા સમરાવી આપતો; ભૂખ્યાને અન્નવડે, તરસ્યાને પાણીવડે, રોગીને વૈદ્ય તેમજ દવાવડે અને થાકી ગયેલાને વાહનવડે શાંતિ પમાડતો; ધર્મી પુરુષોને થતાં સર્વ ઉપદ્રવોનો નાશ કરતો, જૈનધર્મની કીર્તિ ફેલાવતો; બ્રહ્મચર્ય ને તપના તેજથી આંતરિક અજ્ઞાનરૂપી અંધકારને શાંત કરતો; દેવ-ગુરુની સેવનાથી પવિત્ર મનને ધારણ કરતો; સાધર્મી ભાઈઓને શાંતિ પમાડીને, અનુક્રમે તીર્થક્ષેત્રોએ જઈને, ફૂલ ને સુગંધી વસ્તુઓથી વાસિત ઘડાઓ તીર્થજળથી ભરીને, બાદ ફૂલ, કેશર, કપૂર અને બદામ વિગેરેથી શ્રી સંઘ તેમજ દેવોનું પૂજન કરીને, અતિ અદ્ભુત દેવવિમાન જેવા ઐશ્વર્યવડે તીર્થંકર મહારાજના જન્મ તેમજ સ્નાત્રમહોત્સવના જેવો વૈભવ રચતા પ્રફુલ્લ મનવાળા તેણે ત્રિજગદીશ્વરનું સ્નાત્ર કરવું જોઈએ. ત્યારબાદ દૂધ વિગેરે પંચામૃત અને કપૂર વિગેરે પદાર્થોથી કલ્યાણના કારણરૂપ પંચામૃત સ્નાત્ર, સુખડ, કસ્તૂરી અને કપૂર વિગેરેના વિલેપનપૂર્વક સોનાનાં અલંકારો, ફૂલની માળા ને વસ્ત્રોવડે પૂજન, ઘનસાર, અગરુ વિગેરે સુગંધી દ્રવ્યોથી ધૂપ, જનોને જોવા લાયક નૃત્ય, અલૌકિક મહાધ્વજ, ઉછળતા ચામર અને ઝારીના પાણીની ધારાથી રમણીય ફૂલવૃષ્ટિ યુક્ત કપૂરની આરતી, દેવાધિદેવને નમન તેમજ પૂજારી વિગેરેનો યોગ્ય સત્કાર કરીને પછી તેણે ભોજન કરવું જોઈએ.

પછી ગભારો ઉઘાડવાના સમયે, માળ પહેરવાના પ્રસંગે, ભંડાર ભરવા માટે દેવદ્રવ્યની પુષ્ટિ કરીને, ગરીબવર્ગ પર અનુકંપા લાવીને, ગદ્ગદ વાણીવડે નીચે પ્રમાણે પ્રભુની પ્રાર્થના કરીને વિદાયગીરી લેવી "જગતના મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષ સમાન હે પ્રભો! આપના દર્શનનો ફરી વાર લાભ આપીને તમારામાં જ લયલીન બનેલ મારા પર દયાપૂર્વક પ્રસન્ન થાઓ." પછી પ્રભુને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રણામ કરીને, સાથે આવેલ યાત્રિક સમુદાયનો સત્કાર કરીને, તીર્થનાં ધ્યાનવડે ધન્ય આત્માવાળો, પાછો ફરેલો, પોતાને નગરે આવેલો, માંગલિક મુહૂર્ત્તમાં મોટા મહોત્સવપૂર્વક રથયાત્રા કરીને જિનબિંબને પોતાના ઘરે લાવે. ત્યારબાદ સાધર્મી ભાઇ, મિત્ર, બંધુઓ, નાગરિક જનો વિગેરેને ભોજન આદિથી સંતોષ પમાડીને શ્રીસંઘની પૂજા કરે. આ સંઘની પૂજા એ જ ખરેખર દાન છે. એ જ ખરેખર ભાવયજ્ઞ છે. એ જ લક્ષ્મીનું મૂળ સ્થાન છે. તીર્થયાત્રાના વિધિવિધાનમાં શ્રાવકોએ આગમમાં દર્શાવ્યા પ્રમાણે વિધિ નીચેના ચાર પ્રકારથી સારી રીતે આરાધવી જોઇએ. (૧) બ્રહ્મચર્ય પાળવું. (૨) પરોપકાર કરવો. (૩) યથાશક્તિ તપ કરવો (૪) દીન--અનાથ જનો પ્રત્યે દયા લાવવી. પુણ્યાનુબંધી પુણ્યને ઇચ્છતા સંઘપતિવડે આ ચાર પ્રકારો સારી રીતે સેવાવા જોઇએ. જે માણુસ પવિત્ર મનથી ચાર પ્રકારના લક્ષણવાળી તીર્થયાત્રા કરે છે તેને હર્ષ પામેલી સૌભાગ્યરૂપી સંઘપતિની લક્ષ્મી પોતાની મેળે જ આપોઆપ વરે છે.*

* શ્રી ધર્માભ્યુદય મહાકાવ્યમાંથી ઉધ્ધૃત.

## ઊઠો ! જાગૃત થાઓ અને તમારી અનંત સત્તા અનુભવો

**ઓ** રાજાધિરાજ ! સર્વ શરીરોમાં કેન્દ્રસ્થ મુજ આત્મદેવ ! સચ્ચિદાનંદ સમ્રાટ ! અનંત સત્તાધીશ ! આશીર્વાદાત્મક તત્ત્વરૂપ ! ઓ પ્રિયતમ ! અજ્ઞાનના આવરણરૂપી સ્વપ્નામાં દાસત્વ ન સ્વીકારો, જે વસ્તુઓ ધુમ્મસ અથવા ઝાકળની પેઠે ઊડી જનારી છે તેના પર શ્રદ્ધા ન રાખો. હે ભાનભૂલેલા સર્વમય આત્મા ! હે વિશ્વ સાથે તાદાત્મ્ય ધરાવનારા આત્મા ! તું તો વિદેહી ઇશ્વર છે. તું તો પ્રત્યેક વસ્તુનો–સર્વ વસ્તુનો આધાર છે. તું તો પ્રણવ સ્વરૂપ છો.

ઊઠો ! જાગૃત થાઓ ! અને તમારી પરમ સત્તા અનુભવો ! ! તમે ઇશ્વર છો, તમે ઇશ્વર છો, અન્ય કાંઇ નથી " તે અને હું એક જ છીએ. " કેવો શાંતિદાયક વિચાર ! કેવો સુંદર સુખકર આદર્શ ! તે વિચાર સર્વ દુઃખ દૂર કરે છે, આપણા સંસારભાર હલકા કરે છે. ભાઇઓ ! આત્મ કેન્દ્રનું વિસ્મરણ કરી બહાર ભ્રમણ ન કરો. આત્માને જ કેન્દ્ર બનાવો. સર્વોત્તમ એવો જે આત્મા તેમાં જ શ્રદ્ધા રાખો.

—સ્વામી રામતીર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જિનેશ્વરદેવના વચનોમાં આદર કરો

( લેખક:—આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ના પ્રશિષ્ય પંન્યાસ
શ્રી સમુદ્રવિજયજી ગણી. )

**जइ इच्छह परमपयं अहवा कित्ति सुवित्थडं भुवणे।**
**ता तेलुक्कुद्धरणे जिणवयणे आयरं कुणह ॥ ( अजितशांति )**

**અ**નાદિ કાળથી ચાર ગતિ–ચૌરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતાં કરતાં આ જીવને ચિંતામણિ રત્ન, કામધેનુ ગાય, કલ્પવૃક્ષ, દક્ષિણાવર્ત શંખની પેઠે મહાન દુર્લભ મનુષ્ય દેહ મળ્યો છે. એ મનુષ્ય દેહને વિષયવાસનામાં ગુલતાન થઇને નિષ્ફળ ન ખોતાં દીન–દુઃખીયોના ઉદ્ધારાદિ પરોપકાર કરીને, સાધર્મિક ભાઇઓની સેવા વિગેરે શુભ ધાર્મિક કાર્યો કરીને સફળ કરવો જોઇએ.

એ કયારે બની શકે? જ્યારે આપણે શ્રી જિનેશ્વર-દેવના વચનોમાં આદર કરીએ ત્યારે જ. એટલા માટે જ મહર્ષિ શ્રી નંદિષેણે શ્રી અજિતશાંતિ સ્તવનમાં કહ્યું છે કે હે ભવ્ય જનો! જો તમો પરમપદ-( મોક્ષ )ને ઇચ્છતા હો અથવા સ્વર્ગ, મૃત્યુ, પાતાલ આ ત્રણે લોકમાં પોતાની કીર્તિને–યશને વિસ્તારવા ( ફેલાવવા ) માંગતા હો તો અઢાર દૂષણોથી રહિત, ૧૨ ગુણો સહિત અને ચોત્રીશ અતિશય તેમજ પાંત્રીશ વાણીના ગુણોવડે યુક્ત, ત્રણ લોકના ઉદ્ધાર કરવામાં સમર્થ એવા શ્રી જિનેશ્વરદેવના વચનોમાં આદર કરો. શ્રી જિનેશ્વર દેવના વચનો અપાર સંસારસમુદ્રનો પાર કરવાને મોટા જહાજ સમાન છે.

શ્રી જિનેશ્વરદેવે આત્માનું કલ્યાણ કરવા માટે, આત્માને કર્મોના ભારથી હલકો કરવા માટે લોકોત્તર પર્વોનું આરાધન કરવા સારૂ ફરમાવ્યું છે, કેમકે લૌકિક પર્વોમાં ખાવાપીવા, હરવાફરવા, મોજશોખ માણવાનું હોય છે ત્યારે લોકોત્તર પર્વોમાં ત્યાગ, વૈરાગ્ય, તપ, જપ, ધ્યાન, ઇંદ્રિયનિગ્રહ, મનોનિગ્રહ આદિ કરવાનું હોય છે. જૈન ધર્મમાં એવું એક પણ પર્વ નથી કે જેમાં મોજશોખ માણવાની આજ્ઞા હોય. જૈન ધર્મ ત્યાગપ્રધાન ધર્મ હોવાથી એમાં ત્યાગની જ વાતો હોય.

તીર્થોમાં શ્રી શત્રુંજયને તીર્થાધિરાજ, મંત્રોમાં શ્રી નવકારને મંત્રાધિરાજ અને સૂત્રોમાં શ્રી કલ્પ-સૂત્રને સૂત્રાધિરાજ કહેવામાં આવે છે એવી જ રીતે લોકોત્તર પર્વોમાં પણ શ્રી પર્યુષણા પર્વને પર્વાધિરાજ કહેવામાં આવે છે.

મનુષ્ય જન્મ, ઉત્તમ જાતિ, ઉત્તમ કુલ, સર્વાંગ-પૂર્ણ શરીર અને જૈન ધર્મ પામવો મુશ્કેલ છે–દોહીલો છે તેમ પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વનું આરાધન કરવું એ પણ મુશ્કેલ છે. મહાન પુન્યોદય હોય ત્યારે જ એ પર્વનું શાસ્ત્રાનુસાર નિર્વિઘ્નપણે આરાધન થઇ શકે છે. પર્વાધિરાજનું આરાધન કરવું એ કાંઇ સહેલ વાત નથી, એ કાંઇ રમતગમત કે બાલક્રીડા નથી; એમાં શકિત અને ભકિત જોઇયે, એમાં મનના મેલ ફગાવી દેવા જોઇએ, રાગદ્વેષ જીતવા જોઇએ, સમતા અને શાંતિ જોઇયે, કષાયો કૃષ (ઓછા) કરવા જોઇયે, ગંભીરતા ને સહિષ્ણુતા જોઇએ, શ્રધ્ધા અને ભાવ જોઇએ, મમતા અને અહંભાવને દૂર ફેંકી દેવા જોઇએ. કેવલ બાહ્યાડંબર કરવાથી કે ધક્કામુકકી કરીને પ્રભાવના લેવાથી કે આપવાથી તેમજ સાધર્મિક વાત્સલ્યને નિમિત્તે બે ચાર વખત લાડવા જમાડવાથી કે જમવાથી યા ચઢી ચઢીને બોલીયો બોલવાથી કે શ્રીફળ વધેરવાથી શ્રી પર્વાધિરાજ શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્યુષણાપર્વ આરાધવાની પરિસમાપ્તિ (ઇતિશ્રી) થતી નથી; પણ શ્રી જિનેશ્વરદેવના વચનાનુસાર પાંચ કર્તવ્યોથી પર્વાધિરાજ શ્રીપર્યુષણાપર્વની આરાધના થઇ શકે છે. એ પાંચ કર્તવ્ય કયા એ વિષય ઉપર વિચાર કરી લઇએ.

**૧ અમારીપડહ, ૨ સાધર્મિક વાત્સલ્ય, ૩ પરસ્પર ખમતખામણા, ૪ અટ્ઠમનો તપ, ૫ ચૈત્યપરિપાટી.**

**૧ અમારીપડહ**–સર્વત્ર જીવદયા પળાવવા માટે ઉદ્દ્ઘોષણા કરવી અને કરાવવી જોઇએ–પરમાર્હત કુમાલપાલ ભૂપાલવત્

સામાન્યતઃ દરેક પર્વોમાં દલન, ખલન, પ્રેપણ, વસ્ત્રધોવન, સ્ત્રીસેવન આદિ આરંભ-સમારંભના કાર્યો કરવામાં નથી આવતા, પણ પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વમાં ઉપરોક્ત કાર્યો સિવાય સર્વત્ર જીવહિંસા બંધ કરવી–કરાવવી જોઇએ. મને લખતાં ખેદ થાય છે કે આપણે હજારો-લાખો રૂપીઆ જીવદયાના નામે ખર્ચતાં-ખર્ચાવતાં છતાં સર્વત્ર જીવદયા પળાવી શકતા નથી. મારે ભારપૂર્વક લખવું જોઇએ કે આપણા મહાન ધર્મધુરંધર સમર્થ જ્યોતિર્ધરો(પૂર્વાચાર્યો)એ રાજા-મહારાજાઓને પ્રતિબોધી જીવદયા પળાવવાના અમરપટ્ટાઓ લખાવી શ્રી સંઘને સોંપેલા છે અને એ અમરપટ્ટાઓમાં લખ્યા પ્રમાણે દરેક ઠેકાણે સર્વત્ર જીવદયા પળાતી હતી. મારવાડ–મેવાડ–માળવા–ગુજરાત આદિ દેશોમાં શ્રી પર્યુષણાના આઠે દિવસોમાં એટલે સુધી હતું કે ભાંડભૂજા, કંદોઇ, કુંભાર આદિની ભઠ્ઠીઓ, ઘાંચીની ઘાણીઓ સુદ્ધાં બંધ રહેતી હતી (આજ-કાલ પણ કોઇક કોઇક સ્થળે બંધ રહે છે), તો પછી કસાઇ આદિની દુકાનો બંધ રહે એમાં નવાઇ શી?

એ પ્રમાણપત્રો આપણે સાચવી રાખી શકયા નથી અથવા જે સાચવી રાખ્યા છે તેમને અંગ્રેજ સરકારની પાસે રજીસ્ટર કરાવી શકયા નથી. જો આપણા આગેવાનોએ બુદ્ધિ વાપરી એ પ્રમાણપત્રો રજીસ્ટર કરાવી લીધા હોત તો આજે જીવદયા માટે આપણને ફાંફાં મારવાં ન પડત. જગદ્ગુરુ શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ અને એઓશ્રીના શિષ્યરત્નો એ સમ્રાટ અકબરને પ્રતિબોધીને એક વર્ષમાં છ મહિના સુધી જીવદયા પળાવવાના તેમજ તીર્થરક્ષાના પટ્ટાઓ-પ્રમાણપત્રો એમની ( અકબર બાદશાહ ) પાસેથી મહોર-સહીસીક્કા સાથે કરાવી લીધા હતા. ફકત એમને જ સાચવીને ગવર્નમેન્ટ (સરકાર) પાસે પુનઃ રજીસ્ટરી કરાવી લીધા હોત તો આજે એકલા શ્રી શત્રુંજય તીર્થના નામે વાર્ષિક રૂ. ૬૦૦૦૦ સાઠ હજારનો ચાંદલો કરીએ છીએ તે કરવો ન પડત અને સુખેથી અમારી પડહ વગડાવી શકત તેમજ તીર્થરક્ષા કરી લેવાત. અસ્તુ

**૨ સાધર્મિક વાત્સલ્ય**–સમાન ધાર્મિક બંધુઓની સેવા-ભકિત કરવી. શાસ્ત્રકારોએ સાધર્મી બંધુઓની સેવા–ભકિતનો કેવો સુંદર ઉલ્લેખ કર્યો છે. જુઓ !

**न कयं दीणुद्धरणं न कयं साहम्मिआण वच्छलं।**
**हिअयंमि वीयराओ, न धारिओ हारिओ जम्मो ॥ १**
**एगत्थ सव्व धम्मा, साहम्मि अ वच्छलं तु एगत्थ।**
**बुद्धि तुलाए तुलिया, दो वि अ तुल्लाइं भणिआइं॥२॥**
**सर्वैः सर्वे मिथः सर्व-संबंधा लब्धपूर्विणः ।**
**साधर्मिकादि संबंध-लब्धारस्तु मिताः क्वचित्॥३॥**

જેમણે દીન–દુઃખિયોનો ઉદ્ધાર નથી કર્યો, જેમણે હૃદયમાં શ્રી વીતરાગદેવને ધારણ નથી કર્યા તેમણે દુર્લભ એવા આ મનુષ્ય જન્મને હારી દીધો–નિષ્ફળ કરી દીધો છે. જગતમાં સાધર્મી બંધુથી વિશેષ કોઈ સગો–સંબંધી કે સ્નેહી નથી માટે જ કહેવામાં આવ્યું છે કે એક તરફ બીજા બધા ધર્મો અને એક તરફ સાધર્મી બંધુની સેવા–ભકિત. આ કથનમાં અહાહા! સાધર્મિક બંધુની સેવાભકિતનું કેટલું મહત્ત્વ છે. તેના રહસ્યને સમજ્યા વિના જ એક ટંક કે બે ટંક લાડવાઓ જમાડી સાધર્મી બંધુની સેવા–ભકિતની પરિસમાપ્તિ ( ઇતિશ્રી ) માની બેસી જઇએ તો તે કયાં સુધી ઉચિત ગણાય? તેનો વાચક સ્વયં વિચાર કરી લે. જ્યારે એક દિવસ હજારો સાધર્મી બંધુઓને લાડવા મિષ્ટાન્ન આદિ જમાડી સાધર્મીની ભકિતનો લ્હાવો લઇ પોતાને કૃતકૃત્ય માને છે પણ બીજે દિવસે એમાંથી કોઇ ગરીબ--નિરાધાર સાધર્મી બંધુ રોટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાના કકડા માટે પોતાના આંગણે આવે તો એને ઠોકરો મરાય છે. એનો તિરસ્કાર કરાય છે, એનો કોઇએ વિચાર કર્યો છે? ખરી વાત કહેવામાં આવે તો આજકાલ ભરત મહારાજ,સમ્રાટ સંપ્રતિ, પરમાર્હત કુમારપાલ ભૂપાલવત્ સાધર્મી વાત્સલ્ય કરવાની જરૂરત છે. જ્યાં સુધી સીદાતા સાધર્મી બંધુઓનો ઉદ્ધાર નહીં થાય, એમને ધર્મમાં સ્થિર નહી કરાય એમના પેટનો સવાલ પુરો નહી થાય ત્યાં સુધી જૈન ધર્મની 'બોલબાલા' કેવી રીતે થઇ શકશે? જૈન ધર્મની યશોગાથાઓ કેવી રીતે ગવાઇ શકાશે? જ્યારે પશુઓની રક્ષા ખાતર હજારો-લાખો રૂપીયા ખર્ચીને પાંજરાપોળો બાંધવામાં આવે છે, એમના ઘાસચારાનો પ્રબંધ કરવામાં આવે છે, ત્યારે શું સીદાતા સાધર્મી બંધુ માટે સાધર્મીશાળાની જરૂર નથી? આથી રખે કોઇ એમ ન સમજે કે હું પ્રચલિત સાધર્મિક વાત્સલ્ય કે પાંજરાપોળોથી વિરુદ્ધ છું પણ સાથે સાથે સીદાતા સાધર્મી બંધુ-ઓને દરેક પ્રકારે સહાય કરી એમનો ઉધ્ધાર કરવો, એમને ધર્મમાં સ્થિર કરવા, ધર્મથી પતિત થતા અટકાવવા એ દરેક જૈનનું પરમ કર્તવ્ય છે એમ ભારપૂર્વક જણાવું છું. જ્યારે ચારે તરફ દુષ્કાળરૂપી ભયંકર રાક્ષસ પોતાનો પંજાને ફેલાવી ગરીબ માણસો અને પશુઓનો સંહાર કરી રહ્યો છે તેની સાથે સાધુઓ અને ધનાઢ્ય ગૃહસ્થોએ તેઓના પ્રાણોની રક્ષા કેવી રીતે કરવી? એમને કેવી રીતે બચાવવા? એ સવાલ ઉપસ્થિત થયો છે. એમના માટે સભાઓ ભરાય છે, મોટા મોટા આર્ટીકલો છાપાઓમાં આવે છે એ સાંભળી વાંચીને કયા સહૃદયનું હૃદય ખળભળી નથી ઉઠતું ?

આજે માણસ પાપી પેટની ખાતર આમતેમ રખડે છે, એકાકીની ભઠ્ઠીમાં બળ્યા કરે છે, પોતાના ધર્મથી વિમુખ થઇ જાય છે, પોતાના કર્તવ્યને ભુલી જાય છે આવા સમયમાં ધનાઢ્ય જૈનોનું શું કર્તવ્ય છે? આગેવાનોની શી ફરજ છે? એ પોતે જ સમજી લે, વિચારી લે અને કર્તવ્યપરાયણ બને. જે પશુઓવડે અનાજ પેદા થઇ આપણું પેટ ભરાય છે, જે પશુઓ દૂધ, દહીં, છાશ, ઘી વીગેરે આપીને આપણને પુષ્ટ કરે છે તે પશુઓ આજે ઘાસ-પાણી વિના ટળવળીને મરતાં જાય છે એ આપણે કેમ દેખી શકીએ? દરેક દરેક માનવબંધુને ભારપૂર્વક જણાવું છું કે સાદાઇથી ખાતાં-પીતાં, ઓઢતાં-પહેરતાં અને સાદાઇથી કામ કરતાં જે કાંઇ બચત થાય તે આપણા ઉપ-કારી પશુધનની રક્ષાર્થ આપી દો. કોઇ પણ હિસાબે એમની રક્ષા કરો. એ હશે તો માનવોને શક્તિ પુષ્ટિના સાધનો મળશે. ખાસ કરીને જૈન બંધુઓ આવતા પર્યુષણા પર્વમાં આવશ્યક કાર્યોને સાદાઇથી કરીને બચતના રૂપીઆ સીદાતા ધાર્મિક બંધુઓની સહાયતામાં તેમજ ગરીબ માનવબંધુઓ તથા પશુ-ધનના રક્ષણાર્થે ખર્ચીને શ્રી પર્યુષણા પર્વને દીપાવે એ ઇચ્છવાજોગ છે.

### ૩. પરસ્પર ખામણા

દીવાળીના દિવસોમાં વેપારી લોકો પરસ્પર લેણદેણ ચુકવીને હિસાબની ચોખવટ કરે છે, નફા-નુકસાનનું સરવૈયુ કાઢીને આનંદ મનાવે છે તેમ પર્યુ-ષણા પર્વમાં વર્ષભરમાં જેની સાથે વૈર, વિરોધ, કલેશ, કંકાસ થયો હોય તેની સાથે ખમી-ખમાવીને આત્માના હિસાબની ચોખવટ કરી લેવી જોઇએ. આત્માને કર્મોના ભારથી હળવો કરી લેવો જોઇએ. જેઓ ખમે છે ખમાવે છે તેઓ ચંદનબાળા ને મૃગાવતીની જેમ આરાધક બને છે. ખમાવનાર ઉદયન રાજર્ષિવત્ આરાધક બને છે, ન ખમાવનાર ચંડપ્રદ્યો-તવત્ વિરાધક બને છે. શ્રી જિનેશ્વરદેવના ખમવા-ખમાવવા, ઉપશમવા-ઉપશમાવવાના સિદ્ધાંતમાં કેવું સુંદર તત્ત્વ રહેલું છે? એમાં કેટલું જ જબરજસ્ત રહસ્ય ભરેલું છે? એમાં કેવી દિવ્ય વિચારણા અને વિશાળ ભાવના રહેલી છે એ જૈન સાધુઓ વિચારે, સમજે, અમલમાં મૂકે તો જૈન ધર્મમાં, જૈન સમાજમાં, દેવના નામે, ગુરુના નામે, ગચ્છના નામે, મારા-તારાના નામે જે ઝઘડાઓ નજરે પડે છે તે નિર્મૂળ થઇ જાય.

શુદ્ધ અંતઃકરણથી ખમવા-ખમાવવાના બદલે ગાડરીયા પ્રવાહમાં તણાઇને ક્ષુલ્લક-કુંભકારવત્ બાહ્યથી ખમાવવામાં આવે છે-તે પણ પોતાના સગા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધીઓ,સ્નેહીઓ,ઇષ્ટ મિત્રને જ; પરંતુ જેની સાથે વૈરવિરોધ હોય એમનો તો નહીં જ. દેશવિદેશોમાં પણ સારૂ લગાડવા માટે રંગબેરંગી મોટી મોટી કુંકુમ(ખામણા) પત્રિકાઓ લખાય છે, શાસનપ્રભાવનાના ચીતાર ચિતરાય છે, હજારો-લાખો રૂપીઆ ખમતખામણાના નામે પોસ્ટખાતાની તીજોરીમાં નંખાય છે, પણ જેનું આજ સુધી કાંઇ પરિણામ નથી આવ્યું; પણ જો જૈન બંધુઓ, શાસનસુભટો કે જૈન શાસનમાં શાન્તિ ઇચ્છનારાઓ જૈન શાસનની દિવસાનુદિવસ બમણી, રત્રિ ચારગુણી ઉન્નતિ ચાહનારાઓ, પરસ્પર મેળ વાંચ્છનારાઓ હૃદયનો મેલ ફેંકી દેઇ પરસ્પર શુદ્ધ અંતઃકરણથી ખમતખામણા કરી, શ્રી વીતરાગ દેવના આ પરમોચ્ચ સિદ્ધાંતને વધાવી લે તો પર્યુષણપર્વનું આરાધન કર્યું ગણાય.

**૪ અઠ્ઠમ તપ**–ત્રણ ઉપવાસ-તપ એ વસ્તુ એવી છે કે ઘોરાતિઘોર કર્મને પણ બાળીને ભસ્મ કરી નાંખે છે, આત્માને નિર્મળ બનાવે છે–જેવી રીતે દાવાનળ વનને બાળીને સાફસૂફ કરી દે છે. શ્રી તીર્થંકર દેવોએ પણ તપનું આરાધન કર્યું છે. શ્રી પર્વાધિરાજ પર્યુષણાપર્વને આરાધવા માટે અઠ્ઠમનો તપ જરૂર કરવો જોઇએ. જે ભાવશાળીઓ એકી સાથે અઠ્ઠમનો તપ ન કરી શકે તો છૂટા છૂટા ત્રણ ઉપવાસ કરે. જેઓ ત્રણ ઉપવાસ કરવાને શક્તિમાન ન હોય તેઓ છ આયંબિલ કરે. કદાચ આયંબિલ ન બની શકે તો નવ નીવી કરે. તે પણ ન બની શકે તો બાર એકાસણુ કરે. તે પણ કરવાને સમર્થ ન હોય તો ચોવીશ બેસણા કરીને પણ અઠ્ઠમનો તપ પૂરો કરે. કદાચ બેસણાં પણ ન કરી શકતા હોય તો છેવટે બાધાપારાની સાઠ નવકારવાળી ગણીને–ફેરવીને અઠ્ઠમનો તપ પૂરો કરી શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનું આરાધન કરે. અહાહા ! શ્રી જૈનશાસનમાં કેવી ઉદારતા ! કેવી સુંદર પ્રણાલી ! જેઓ નિઃશલ્ય થઇને અઠ્ઠમનો તપ કરશે તેઓ નાગકેતુની પેઠે સુખસંપદાને પ્રાપ્ત કરશે. વ્યવહારમાં જેમ શાહુકાર લોકો પોતાનું કરજ એકી સાથે ચૂકવી દે છે યા કમજોર હોય તો થોડા થોડા હફતા કરીને પણ ચુકવી આપે છે તેમ અહીં પણ સમજી લેવું.

**૫ ચૈત્યપરિપાટી**–નગરમાં શ્રી જિનેશ્વરદેવના સર્વ મંદિરોના દર્શન કરવા શ્રી સંઘ સાથે ચૈત્યપરિપાટી કરવાથી ઘણો જ ઉલ્લાસ વધે છે અને શાસનનો પણ મહિમા વધે છે, માટે સમુદાય સાથે આ દિવસોમાં ચૈત્યપરિપાટી કરવી. નગરમાં ભેદભાવ વિના સર્વે ગુરૂદેવોના દર્શન કરવા,એમને વાંદવા. દેવ, ગુરુ, દર્શનનો મહિમા અનોખો જ છે. ખાસ કરીને આ દિવસોમાં પ્રભુપૂજા, સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મધ્યાન વિશેષ કરવું જોઇએ.

જૈન બંધુઓ હવે આપનો વધુ સમય ન લેતાં એટલું કહી વિરમીશ કે શ્રી જિનેશ્વરદેવના વચનોમાં આદર કરો અને આ પાંચ કર્તવ્યોનું શુદ્ધ અન્તઃકરણપૂર્વક શ્રી પર્વાધિરાજની આરાધના કરો જેથી આ લોકમાં અને પરલોકમાં ભલું થાય. આત્માનું કલ્યાણ થાય અને અંતમાં અખંડ શાન્તિ મળે એ જ શુભ ભાવના.

**शिवमस्तु सर्वजगतः, परहितनिरता**
**भवन्तु भूतगणाः ।**
**दोषा प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ॥**

**सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणम् ।**
**प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥**

**ॐ शांतिः शांतिः शांतिः**

**रायकोट** ता. २३-८-३९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બોધ લહરી

લેખક—
આ. વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ

ભેદ નથી ત્યાં વેદ છે, વેદ વિના અજ્ઞાન;
વેદ ભેદમાં ભેદ છે, રજની દિવસ સમાન. ૧

મૃત્યુથી સઘળા ડરે, જન્મથી ડરે ન કોઇ;
ભય રાખે જે જન્મનો, નિશ્ચય જ્ઞાની સોઇ. ૨

મરણ વિકાર વિનાશ છે, જન્મ વિકાર વિકાસ;
જન્મ ટળે આતમતણો, પ્રગટે જ્ઞાનવિલાસ. ૩

શેકી નાંખ્યા બીજનો, જન્મ નહીં ફરી વાર;
મરણ થવાથી આતમા, રખડે નહીં સંસાર. ૪

મરણ ખરૂં તે જાણીયે, જ્યાં છે જન્મ વિનાસ;
તે મરણું મરણું નથી, જન્મતણો જ્યાં વાસ. ૫

મરવાના અભ્યાસથી, મરતાં ઘણા કમોત;
કરણી કર એવી હવે, થાય મોતનું મોત. ૬

મરતાં શીખો માનવી, છોડી અવર જંજાળ;
તે જગમાં સુખીયા થયા, જેણે જીત્યો કાળ. ૭

દાસપણું જડનું કરે, ડરે મોતથી બાળ;
જડની સેવા છોડી જો, શું કરશે પછી કાળ? ૮

અલખ ખલકમાં સહુ કહે, અલખ ન લખતું કોય;
જે પોતાને ઓળખે, લખે અલખને સોય. ૯

પરમેશ્વરને શોધવા, ઘર ધરણી તજી માલ;
નીકળ્યા પણ નથી જાણતા, રહે ક્યાં દીનદયાળ. ૧૦

રડે રાંક જડ નાશથી, નિજ નાશે નવિ શોક;
જડ ચેતનને પારખે, તેવો જ્ઞાની કોક. ૧૧

કર્મ મહિષિ સમ નથી, ભડકી ભાગે દૂર;
ભેષ ભેદને જોઇને, માટે થાઓ શૂર. ૧૨

ભેષ પલટવો સહેલ છે, વિના કષ્ટ પલટાય;
દુષ્કર મન પલટ્યા વિના, કારજ સિધ્ધ ન થાય. ૧૩

છોડયો વદે સંસાર જે, ચાર ગતિ ફરનાર;
અમર થયો મિથ્યા વદે, વાર વાર મરનાર. ૧૪

ક્યાંથી આવ્યો ક્યાં જશે? હમણાં તું છે કોણ?
બોલ વિચાર્યું છે કદી? ધારી ઘડી એક મૌન. ૧૫

યોગી ભોગી જનમથી, છે સઘળો સંસાર;
યોગ ભોગના મર્મને, વિરલા જાણનહાર. ૧૬

યોગ ભોગ જડ વસ્તુનો, કરતા સઘળા જીવ;
સમજી કરશે સ્વરૂપનો, ત્યારે બનશે શિવ. ૧૭

યોગી અયોગી થાય છે, ભોગી અયોગી ન થાય;
જો ભોગી યોગી બને, તો ભવફેરા જાય. ૧૮

સર્વજ્ઞાની દૃષ્ટિમાં, આસ્તિક બનો જરૂર;
અલ્પજ્ઞો અજ્ઞાનિયો, છો કહે નાસ્તિક ધૂર. ૧૯

વખત થયો છે, ખબર છે? પળ પળ મોંઘી જાય;
મહાકષ્ટે નર તન મળ્યું, સમજી કર વ્યવસાય. ૨૦

મન વચ કાયા એકથી, સંતતણો વ્યવહાર;
ભેદ પાડી જે વર્તતા, કરતા તે વ્યભિચાર. ૨૧

પરનારી ભોગી કહ્યો, વ્યભિચાર જગ રીત;
વ્યભિચારી જ્ઞાની કહે, પરપરિણતિથી પ્રીત. ૨૨

સાચો જ્ઞાની તે કહ્યો, જેને અનુભવ જ્ઞાન;
પરજ્ઞાને જ્ઞાની બને, તે તો અંધ સમાન. ૨૩

શાસ્ત્ર વાંચે ભાષા ભણી, કહે જગ પંડિતરાય;
અનુભવ જ્ઞાને જે વદે, તે જ્ઞાની કહેવાય. ૨૪

અંતર પંડિત જ્ઞાનીનું, ખજુવા ભાનુ સમાન;
પંડિત પોથી કીટ છે, અમળ જ્ઞાની ભગવાન. ૨૫

અનુભવ જ્ઞાન વિના નહીં, જાણે પ્રભુ સંકેત;
તલમાં તેલ રહ્યું છતાં, પંડિત પીલે રેત ૨૬

જાણે પણ સમજે નહીં, પંડિત અનુભવહીન;
જાણે સમજે જ્ઞાનીયો, અનુભવ રસમાં લીન. ૨૭

ભક્ષણ વિષ કરે મરે, જાણી ત્યાગે જેહ;
જ્ઞાની તેને જાણીયે, ખાય અજ્ઞાની તેહ. ૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મ-દર્શન

**[ આત્મા અને પુદ્ગળ દ્રવ્યની વિચારણા ]**

લેખક: **ચતુર્ભુજ જેચંદ શાહ બી. એ. એલએલ. બી.**

**જૈન** ધર્મમાં આત્માનું પ્રાધાન્ય છે. ધર્મનો સર્વ વિચાર તથા આચાર આત્માના દર્શન, વિકાસ તથા તેની સિદ્ધિ અર્થે છે. આત્માનું સંપૂર્ણ વિકસિત શુધ્ધ સ્વરૂપ ફક્ત સિધ્ધ અવસ્થામાં અને અમુક અપેક્ષાએ કેવળી અવસ્થામાં જોવામાં આવે છે. તે સિવાય આત્મા આ સંસારમાં જીવસ્વરૂપે રહેલો છે અને જીવમાં આત્માનું સહચારિત્વ કાયમ હોવાથી તે જીવ નામે સામાન્ય રીતે ઓળખાય છે.

આ સંસારમાં જીવમાં આત્મ તત્ત્વ ઉપરાંત બીજું એક અજીવ, જડ અથવા પુદ્ગલ તત્ત્વ રહેલું છે. તે આત્મામાં રહેલા જ્ઞાનાદિક સ્વાભાવિક ગુણોનો સર્વથા અથવા ઓછે વધતે અંશે ઘાત અથવા આવરણ કરનાર હોવાથી તથા આત્માને આ સંસારમાં જકડી રાખી, અનેક ભવભ્રમણ કરાવી જુદી જુદી ગતિ,જાતિ, શરીર વિગેરે પુદ્ગલરૂપે પરિણમતું હોવાથી તે અજીવ તત્ત્વ આ સંસારરૂપી વિષવૃક્ષનું બીજ અથવા મૂળ ગણાય છે. તે જીવ અને અજીવ તત્ત્વની જૈન શાસ્ત્રોમાં ઘણી સૂક્ષ્મ અને વિસ્તૃત વિચારણા કરવામાં આવી છે તે દરેક મુમુક્ષુ જને અભ્યાસ કરવા યોગ્ય છે.

આ લોક ષટ્દ્રવ્યોનો બનેલો છે. તેમાં જીવ અને પુદ્ગલ એ બે મુખ્ય દ્રવ્યો અથવા તત્ત્વો છે. તે ષટ્દ્રવ્યો પૈકી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચાર દ્રવ્યોની અનુક્રમે ગતિ, સ્થિતિ, અવકાશ અને સમય રૂપે ગુણ-પરિણામની વિચારણા બાકીના બે જીવ અને પુદ્ગલ દ્રવ્યોની અપેક્ષાએ ઉપયોગી છે. તેમજ

---

અનુભવ વિન શ્રદ્ધા નહીં, શ્રદ્ધા વિન નહીં જ્ઞાન;
જ્ઞાન વિના મુક્તિ નહીં, ભાખે શ્રી ભગવાન. ૨૯

રાગ દ્વેષના ભાગને, કાઢી કર વ્યાપાર;
સાચી લક્ષ્મી મેળવી, બન સાચો સાહુકાર. ૩૦

મરવા માંડયું જન્મથી, ભય રાખે શું થાય ?
મૃત્યુનું મૃત્યુ બને, કર એવો વ્યવસાય. ૩૧

જીવ લક્ષ નવ મરણમાં, સ્વ-પરદાર નવિ ભેદ;
માટે સ્ત્રીસંગ સર્વથા, તજો ધરી મન ખેદ. ૩૨

લીન રહે નિત બ્રહ્મમાં, બ્રહ્મચારી ભગવાન;
અબ્રહ્મથી અળગા રહ્યા, વસ્તુ પ્રકાશ ન ભાન. ૩૩

જડ-આતમ બંને મળ્યા, સ્વ સ્વ ધર્મ કરે ભોગ;
વર્ણાદિ જડ ભોગવે, આતમ નિજ ઉપયોગ. ૩૪

વેર ઝેર ઝરણું ઝરે, જડતાનું જ્યાં જોર;
નામ ધર્મ પણ ત્યાં નથી, રહ્યું અંધારું ઘોર. ૩૫

જડ વસ્તુ સુખ આપશે, છોડો એવી આશ;
કાળ અનંતો વહી જશે, અંતે થશો નિરાશ. ૩૬

આતમ ધર્મ અનેક છે, પ્રગટે છોડે કષાય;
એક જ ચાંપ દબાવતાં, અનેક દિપક થાય. ૩૭

મારું તારું જ્યાં રહ્યું, હું-તૂં-નું જ્યાં જોર;
ત્યાં આતમ ધન લૂંટતા, રાગ દ્વેષ બે ચોર. ૩૮

જડમાં જે વિશ્વાસ છે, તે ચેતનમાં થાય;
વિપદ ટલે સહુ સુખ મળે, ભવ ફેરા સહુ જાય. ૩૯

હિંસા મનથી પણ તજો, દ્વેષ કરે સહુ દૂર;
પ્રાણી શાંત બને સદા, વાઘ સિંહ સમ ક્રૂર. ૪૦

લોહ તિજોરીથી કદી, ધન રક્ષા નવિ હોય;
તિજોરી કર પુન્યની, ધન હરશે નહીં કોય. ૪૧

જેથી ચાહે માનને, તેનું કર તું માન;
નમ્ર થઇને ચાલજે, મૂકીને અભિમાન. ૪૨

વસ્તુ ચાહે નવનવી, પાસે નથી બદામ;
કહો કિમ વસ્તુ મેળવે, આપ્યા વિન તે દામ ? ૪૩

પુન્ય દામ પાસે નથી, સુખ સંપત્તિ ચ્હાય;
મળે ન ક્રોડ ઉપાયથી, ઊલટું દુઃખ જ થાય. ૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન દર્શનમાં તાત્વિક વિચારણાને સ્થાન પામેલ જીવ, અજીવ, પાપ, પુણ્ય, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વો પૈકી પાછળના સાત તત્ત્વોનો પ્રથમના બે તત્ત્વોમાં સમાવેશ થાય છે. તે સાત તત્ત્વો પ્રથમના બે તત્ત્વોનો વિસ્તાર, સ્વભાવ અને પરિણામ છે. તેના ઉપાદેય અથવા આદરવા-ધારણ કરવા લાયક અને હેય અથવા ત્યજવા લાયક ગુણોની યથાર્થ સમજણમાંથી નિષ્પન્ન થતો શુધ્ધ આચાર જો ધારણ કરવામાં આવે તો પ્રથમ જીવ તત્ત્વમાં રહેલા આત્મ તત્ત્વનો અંતિમ વિકાસ, તેના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ અથવા મોક્ષ જે દરેક ભવ્ય જીવની સર્વ ધાર્મિક પ્રવૃત્તિનું અંતિમ સાધ્યબિંદુ છે તે સફળ બને છે. તેથી જીવમાં રહેલા આત્માના શુદ્ધ સ્વરૂપ અથવા મોક્ષ-પ્રાપ્તિ માટે આત્માના ગુણોનું યથાર્થ દર્શન કરવું જરૂરી છે. જેમ કોઇ વસ્તુનું સફળતા-પૂર્વક દર્શન કરવું હોય તો તે વસ્તુના ગુણો અથવા સ્વભાવની યોગ્ય સમજણ મેળવવી જોઇએ તેમ આત્મદર્શન માટે આત્માના સ્વભાવ અને ગુણોની યોગ્ય સમજણ અને તેની પ્રાપ્તિ માટે માટે ટૂંકું વિવેચન કરવાનું આ લેખનું પ્રયોજન છે. વિષય ઘણો જ ગહન છે અને ઘણું ટૂંકું લખવા પ્રયાસ કરવા છતાં માસિકના બે વિભાગોમાં વિસ્તાર પામ્યો છે. લેખકના જ્ઞાનની અતિ અલ્પતા, મતિદોષ અથવા પ્રમાદને કારણે કોઇ બાબત દોષયુક્ત અથવા વિપરીત સ્વરૂપે રજૂ થઇ હોય તો તે સુધારીને વાંચવા સુજ્ઞ ધર્મબંધુઓને વિનંતિ છે.

આ સંસારમાં દરેક જીવમાં આત્મારૂપી ચૈતન્ય તત્ત્વ રહેલું છે તે શાસ્ત્રપ્રસિદ્ધ છે એટલું જ નહિ પણ દરેક જીવના ઇંદ્રિયાદિક વિકાસના પ્રમાણમાં તે સ્વાનુભવસિદ્ધ છે. આપણી ચર્મચક્ષુને અગોચર એવા સૂક્ષ્મ અને સ્થાવર જીવોની આહાર ગ્રહણ કરવાની સંજ્ઞા એક બાજુ રાખીએ તો અન્ય બે ઇંદ્રિયાદિક ત્રસકાયના જીવોની ઓછામાં ઓછી આહારાદિ સંજ્ઞા અને હલનચલન શકિત આપણે જોઇ શકીએ છીએ, જે કોઇ પણ જડ અથવા નિર્જીવ કે અજીવ પદાર્થમાં કદીપણ જોવામા આવતી નથી. પછી ભલેને જડ વસ્તુ પરમાણુ પુદ્ગલરૂપે સૂક્ષ્મ હોય કે ગમે તેવા પર્વતાદિ વિરાટ પ્રચંડકાય સ્કંધ-સમૂહ રૂપે હોય. સ્થાવર વનસ્પતિકાય જીવોમાં આહારાદિ સંજ્ઞા લાગણી હોય છે તેમ સદ્ગત વિજ્ઞાનશાસ્ત્રી જગદીશચંદ્ર બોઝે “ રેસોનટ રેકર્ડર ” નામના યંત્રના પ્રયોગદ્વારા સિદ્ધ કરી આપ્યું છે. તે વાત હવે તો ઘણી પ્રસિદ્ધ છે, પણ વનસ્પતિમાથી જીવ અથવા આત્મતત્ત્વ ચાલ્યું જતાં તેના ઉપર ગમે તેવા પ્રયોગ કરવામા આવે છતાં તે સંજ્ઞા અથવા લાગણીશૂન્ય જડ દેખાય છે. પાન, પુષ્પ, ફળો વૃક્ષમાંથી છૂટા પાડવામા આવતા ગમે તેવી સાચ-વણી છતાં થોડા વખતમાં નિર્જીવ થઇ કરમાઈ જાય છે, જ્યારે વૃક્ષ સાથે રહેલા પાન, પુષ્પ, ફળો કાંઇ ખાસ પ્રયાસ વગર તેની આયુષ્ય મર્યાદા મુજબ સજીવ હોય છે ત્યાં સુધી લીલાછમ, પ્રફુલ્લિત રહે છે. મૂળમાંથી છૂટા પડેલ વૃક્ષનું મૂળ થોડા વખતમાં નિર્જીવ થતા ફરી તેના રોપણ ક્રિયા થઇ શકતી નથી, ગમે તેવા પ્રયાસ છતા ફરી તે ઉગાડી શકાતું નથી નવપલ્લવિત યા પ્રફુલ્લિત થતું નથી.—વનસ્પતિ કાય વિગેરે સ્થાવર એકેન્દ્રિય જીવો કરતા બેઇંદ્રિ-યાદિક ત્રસકાય જીવોનું ચૈતન્ય અને તેની આહા-રાદિક સંજ્ઞા તથા હલનચલન શક્તિ વધુ સ્પષ્ટ છે. ઇયલ,કીડા, મકોડી, મચ્છર, પશુ,પક્ષી વગેરે જીવોમાં જ્યાસુધી આત્મા અથવા ચૈતન્ય હોય ત્યાં સુધી જ તે આહાર ગ્રહણ કરે છે અને ઇંદ્રય વિકાસ અનુ-સાર સુંઘવા, જોવા અને સાંભળવાનું કરે છે પણ જીવનું મૃત્યુ થતાં અર્થાત્ શરીરમાંથી આત્મા ચાલ્યો જતા તેના બધી ક્રિયાઓ આપોઆપ તુરત બંધ થઇ જાય છે અને આત્મા-ચૈતન્ય રહિત મૃત દેહની જુદા જુદા પૌદ્ગલિક પદાર્થોના ઢગલાથી વિશેષ ઉપયોગિતા રહેતી નથી. મૃત દેહમાં કદી પણ આત્મા, ચેતન્ય, પ્રાણનો પુનઃ સંચાર થઇ શકતો નથી. મૃત્યુ પામેલા ઇયલ વિગેરે જંતુઓ અનાજ કોરી ખાતા નથી; કીડી,મકોડી, મચ્છર કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડતા નથી; સર્પ મત્સ્ય વાઘ સિંહનો ભય રહેતો નથી; બકરી ગાય બળદ ઘોડા હાથી વિગેરે ઉપયોગમાં લઇ શકાતા નથી, મૃત પામેલા સર્વ જીવોના શરીરો વિષે પોતાને કે બીજા માટે એ જ સ્થિતિ-ઉપયોગહીનતા–નિષ્ક્રિયતા રહેલી છે. સર્વ જીવોનું એક સામાન્ય લક્ષણ જે ઉપયોગ નામે અથવા આહારાદિક સંજ્ઞા, બોધરૂપ વ્યાપાર–પ્રવૃત્તિ તરીકે ઓળખાય છે તે જીવનમાં આત્મા હોય ત્યાં સુધી જ ચાલે છે. તે સર્વ જીવોમાં જોવામાં આવે છે અને મૃત અવસ્થામાં તે સર્વ જીવોમાંથી ચાલ્યું જાય છે. નિર્જીવ, અજીવ, જડ અથવા પૌદ્ગલાદિક ગમે તેવા સંયોગ આકારવાળા કોઇ પણ પદાર્થમાં જીવની આહારાદિક કાંઇપણ સંજ્ઞા, ઉપયોગ, વ્યાપાર, પ્રવૃત્તિ હોતા નથી. જીવ અને અજીવ વચ્ચે, આત્મા અને પુદ્ગળ વચ્ચે, ચૈતન્ય અને જડ વચ્ચે આ મુળ અને તાત્ત્વિક ભેદ છે.

આત્મયુક્ત જીવનમાં રહેલી ઉપયોગિતા અને આત્મા ચાલ્યો જતાં મૃત અવસ્થામાં આવતી જડતા અથવા નિષ્ક્રિયતાનો જે વિચાર અન્ય જીવોને લાગુ પડે છે તે પાંચે ઇંદ્રિયો અને મનોબળ સહિત મનુષ્યને વિશેષે કરીને સ્પષ્ટ અને સુગમ-પણે લાગુ થાય છે. બીજા કોઈ પણ જાતિના જીવો કરતા મનુષ્યની ઇંદ્રિયો, મનોબળ, જ્ઞાન વિશેષે કરીને વિકસિત હોય છે, અને વિકસિત થઇ શકે છે. સામાન્ય રીતે મનુષ્ય ઘણું કરીને પોતાના દેહધારણ, રક્ષણ, સુખ–સગવડ, સ્વાર્થપૂરતા વિચાર અને પ્રવૃત્તિ કરે છે. તે માટે સામાન્ય રીતે જોઇ શકાય છે કે મનુષ્ય પોતાથી નાના કે મોટા મનુષ્યો અને બીજા પ્રાણીઓ ઉપર પોતાના જ્ઞાન અને ઇંદ્રિય-બળથી આધિપત્ય મેળવે છે. પોતાથી ઘણી વધારે શક્તિવાળા અને મોટા વાઘ, સિંહ, હાથી, મત્સ્ય વિગેરેને યુક્તિથી પકડે છે. કબુતર કુતરા વાંદરા ગાય બળદ ઉંટ ઘોડા વિગેરે પશુ–પક્ષીને પોતાને વશ બનાવી ઉપયોગમાં લે છે. પોતાને નુકશાનકારક નાના પ્રકારના અસંખ્ય જીવજંતુઓનો જંતુનાશક દવાઓ અથવા યંત્રોથી, અથવા તે સામે તેથી વિરૂદ્ધ–પ્રકારના જીવજંતુઓના ઉત્પાદનની ગોઠવણ કરી નાશ કરે છે. શારીરિક રોગોના નિવારણ માટે આશ્ચર્યજનક શોધો અને શસ્ત્રક્રિયાઓ કરે છે. મનુષ્ય એમ ઘણી રીતે પોતાનો જીવનનિર્વાહ સુખ–પૂર્વક ચલાવવા મથે છે. ઉપરાંત મનુષ્ય પોતાની પ્રવૃત્તિ વધારવા ગમે તેવા પહાડો ભેદીને, રણો ઓળંગીને, જંગલો કાપીને, રેલ્વે રસ્તાઓ બાંધીને પોતાનો માર્ગ સરળ બનાવે છે. વહાણ અને સ્ટીમરો બાંધીને મહાસાગરને પણ જાણે કે વશ કરે છે અને હજારો માઇલ દૂર ધારેલા સ્થળે પહોંચી જાય છે. એટલે ઊંચે અને જેટલી ઝડપે કુદરતી શક્તિ ધરાવનાર પક્ષીઓ આકાશમાં ઊડી શકતા નથી તેથી વધારે ઊંચે અને કલાકના એકસોથી ચારસો માઇલની ઝડપે એરોપ્લેનદ્વારા ઊડી શકે છે અને નીચે ઉતર્યા સિવાય થોડા કલાકમાં બે ત્રણ હઝાર માઇલ આકાશપ્રદેશ ખુંદી વળે છે. ઊંચેથી પડતા પાણીના ધોધમાર પ્રવાહમાંથી વિજળી બળ ઉત્પન્ન કરી રાત્રે દિવસના જેવો પ્રકાશ ઉત્પન્ન કરે છે અને મોટા પ્રચંડકાય યંત્રો ચલાવે છે. થોડી મિનિટો અને સેકંડોમાં ટેલીગ્રામ અને રેડીઓ દ્વારા હજારો માઇલ દૂર સંદેશા મોકલાવે છે, ભાષણો અને ગીતો સંભળાવે છે. બોલતા–ચાલતા સિનેમાદ્વારા ભાષણો, રમતગમત, નૃત્ય, લડાઇ વિગેરે જીવનના તમામ પ્રસંગોનો સિનેમાના પડદા ઉપર પડછાયારૂપે ભાષા અને અવાજ સાથે તાદૃશ્ય ચિતાર રજૂ કરે છે. માણસ ગ્રામોફોનની પ્લેટ ઉપર પોતાનું ગાયન અને ભાષણ ગ્રહણ કરાવી હજારો માણસોને સેંકડો વખત વગરબોલે ફરી ફરીને સંભળાવે છે. માઇક્રોફોન દ્વારા ભાષણના ધીમા અવાજને મોટો કરી એકી સાથે લાખો માણસોને માઇલો સુધી સંભળાવે છે. વિગેરે વિગેરે બીજા પ્રાણીઓ, કુદરતી બળો અને પૌદ્ગલિક પદાર્થો ઉપર વિજ્ઞાનના બળે મનુષ્યે અદ્ભુત કાબૂ મેળવી પોતે માનેલા સુખ-વૃદ્ધિ અને ઇચ્છાતૃપ્તિ માટે ઘણું કર્યું છે, અને હજુ કંઇ ને કંઇ કરવાના મનોરથો સેવે છે. જીવનમાં આત્મા, ચૈતન્ય અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણ હોય ત્યાંસુધી બુદ્ધિ, મન, વાણી અને શરીર-દ્વારા આવા અને બીજા અદ્દભૂત અનેકવિધ કામ કરનાર મનુષ્ય મરણને શરણ થતા, તેના શરીર માંથી આત્મા-ચૈતન્ય-પ્રાણ ચાલ્યો જતા, તે કાંઇ કરી શકતો નથી, શરીર ઉપરથી માખી સરખી ઉડાડી શકતો નથી, એક તણખલું પણ તોડી શકતો નથી, તેના તમામ મનોરથ, વિચાર, પ્રવૃત્તિ એકાએક બંધ પડે છે. જે શરીરવડે, જે શરીરના સુખ-વૃદ્ધિ અને ઇચ્છાતૃપ્તિ માટે કુદરતી બળો, પદાર્થો અને પ્રાણીઓ ઉપર તેણે આધિપત્ય મેળવ્યું હતું તે સર્વ છોડી દેવું પડે છે. બાકીમાં બુદ્ધિ, મન, વાણી અને શરીરના કાંઇપણ પ્રયોગ-ક્રિયા વગરનું શરીરનું પૌદ્દગલિક ખાલી ખોખું રહે છે. તે પણ થોડા વખતમાં જીર્ણશીર્ણ થઇ માટી અને રાખના ઢગલાને મળી જાય છે. મનુષ્ય જીવનમાં આ એક અતિ કરુણ પણ હંમેશની ઘટનાનો વિષય છે.

અત્યારની વૈજ્ઞાનિક શોધખોળોથી માનવ બુદ્ધિએ જ કાંઇ પ્રગતિ સાધી છે તે મનુષ્યમાં રહેલ કયા તત્ત્વનો પ્રભાવ છે એ ખાસ વિચારવા જેવું છે. એ તો જાણીતી વાત છે કે મનુષ્ય મૃત્યુબાદ કંઇ પણ વિચાર કરતો નથી, બુદ્ધિબળ દોડાવતો નથી, બોલતો નથી, તેની ઇંદ્રિયોની તમામ હીલચાલ અને શ્વાસોશ્વાસ ક્રિયા પણ બંધ પડે છે. મૃત્યુ સાથે મન, વચન, કાયાના તમામ વ્યાપાર-ક્રિયા તુરતમાં જ બંધ પડે છે તેવી જ રીતે મનુષ્યમાં આત્મા, ચૈતન્ય અથવા પ્રાણ હોય ત્યાં સુધી મન, વચન, કાયાના વ્યાપાર ચાલુ રહે છે. તે ઇચ્છિત વસ્તુ માટે નિત્ય નવા વિચાર કરે છે, બુદ્ધિબળ વાપરે છે, વાક્પટુતા કેળવે છે, અનેકવિધ પ્રવૃતિ અને દોડધામ કરે છે, જે સર્વ મૃત્યુ થતા એકાએક બંધ પડે છે. એ બતાવે છે કે જીવંત મનુષ્યમાં એક એવું તત્ત્વ રહેલું છે કે જેને લઇને મનુષ્ય સર્વ પ્રકારની પ્રવૃતિ કરી શકે છે ને મનુષ્યમાં આત્મ તત્ત્વ અથવા ચૈતન્ય રહેલું છે એની પ્રતીતિ કરાવે છે. તે જ્યાંસુધી હોય ત્યાંસુધી જ મનુષ્ય કાંઇ પણ ક્રિયા કરી શકે છે. તે ચાલ્યું જતાં અર્થાત્ ચાલુ ભાષામાં કહીએ તો મૃત્યુ થતા શરીર અને તેની બાહ્ય ઇંદ્રિયો જેમની તેમ રહેવા છતાં મન, વચન, કાયાની સર્વ ક્રિયા આપોઆપ બંધ પડે છે. મન, વચન, કાયાનો ચાલતો વ્યાપાર જેમ મનુષ્ય જીવનમાં રહેલા આત્માને કારણે સિધ્ધ થાય છે તેમ અન્ય સૂક્ષ્મ, બાદર, સ્થાવર, ત્રસ, સર્વ જાતિના જીવો વિષે તેમજ ઓછી વધુ ઇંદ્રિયોની પ્રાપ્તિ અને મનોબળના વિકાસ અનુસાર સમજવું. બીજા જીવો કરતા મનુષ્યને સર્વ ઇંદ્રિયોની પ્રાપ્તિ તથા મનોબળનો વિકાસ સર્વથી અધિક હોવાથી તેની જ્ઞાનાદિક શક્તિ પણ બીજા સર્વ જીવો કરતાં વધારે હોય છે.

એટલું સમજાયું હશે કે મનુષ્ય જે કાંઇ મન, વચન, કાયાનો વ્યાપાર ચલાવે છે, જ્ઞાન મેળવે છે, બુધ્ધિબળ દોડાવે છે, અન્ય પ્રાણીઓ તથા પૌદ્દગલિક પદાર્થો વિષે શોધખોળ કરી જે કાંઇ પ્રગતિ, વિજય અથવા નિયંત્રણ સાધે છે તે સર્વ આત્મ-શક્તિના પ્રભાવે છે. આ દુનિઆ ઉપર છેલ્લા કેટલાક સૈકાઓમાં વિશિષ્ટ જ્ઞાનીઓના અભાવે તથા કાળના પ્રભાવથી પ્રવર્તેલા અજ્ઞાન અને અંધકારથી મનુષ્ય પોતાની શક્તિનું ભાન ભૂલી ગયો છે, અને વર્તમાન કાળમાં હાથ લાગેલી શોધખોળો તેને ઘણી અદ્દભૂત અને આશ્ચર્યજનક લાગી છે. આ દુનિઆ ઉપર જુદા જુદા પ્રાણીઓ અને પદાર્થો વિષે અગાઉ નહોતાં તેવું ઘણું જ્ઞાન અને પ્રગતિ મનુષ્યે સંપાદન કર્યાં છે એમ તેને કાંઇક અભિમાન-પૂર્વક સમજાય છે, પણ અત્યારના સમર્થ વૈજ્ઞાનિકો પોતે જ કહે છે કે તેમણે આ દુનિઆના થોડા જીવો અને પદાર્થોનું જે કાંઇ જ્ઞાન સંપાદન કર્યું છે તે આ બ્રહ્માંડ-વિશ્વમાં આ પૃથ્વીથી નાના મોટા બીજા અસંખ્યાત ગોળા અને તેમાં રહેલા અનંતાનંત જીવો અને પદાર્થો વિષેના મેળવવા જોઇતા જ્ઞાનના મુકાબલે અતિ અલ્પ છે-અનંતમો ભાગ છે. કોઇ પણ એક જીવનું, કોઇ પણ પરમાણુ પુદ્દગળ સ્કંધનું સર્વ પર્યાયો સાથે તેને સંપૂર્ણ જ્ઞાન થયું નથી. ફક્ત આ શોધાએલી દુનિઆના થોડા જીવોનું, થોડા પુદ્દગળ-પદાર્થોનું, થોડા પર્યાયો સાથે અલ્પ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન પ્રાપ્ત થયું છે એમ અત્યારના વિજ્ઞાનશાસ્ત્રીઓ નમ્રપણે સત્યતાપૂર્વક સ્વીકારે છે. તેમાં મનુષ્યમાં રહેલું આત્મતત્ત્વ ઘણાને હજુ સમજાયું નથી. તે ઘણુંખરું mystery-ગુહ્ય રૂપે જ રહ્યું છે. તેમ છતાં મનુષ્યમાં રહેલ જ્ઞાનાદિક શક્તિનો પ્રભાવ જોતાં તેની પાછળ કોઇ ગુહ્ય તત્ત્વ રહેલું છે અને એ ગુહ્ય તત્ત્વ શરીરથી ભિન્ન છતાં શરીરમાં રહેલો આત્મા નામનો કોઇ ચર્મચક્ષુને અગોચર પદાર્થ છે એમ ઘણા વિજ્ઞાનશાસ્ત્રીઓને હવે કેટલેક અંશે સમજાવા લાગ્યું છે. વિજ્ઞાનશાસ્ત્રીઓની શોધખોળનો વિષય પૌદ્ગલિક ભૌતિક રૂપી પદાર્થો હોવાથી અને આત્મા તેથી ભિન્ન અને અરૂપી હોવાથી આત્મા વિષેનું જ્ઞાન તેમને સંપાદન થાય નહિ તે સમજાય તેવું છે; છતાં મનુષ્યે આ દુનિઆમાં જે કંઇ શોધખોળ કરી છે, પ્રગતિ સાધી છે, તેમાં મનુષ્યમાં રહેલી કોઇ અદૃશ્ય શક્તિનો પ્રભાવ છે અને તે શક્તિ વગર મનુષ્યનું શરીર કાંઇ કરી શકતું નથી એમ કહી આત્મતત્ત્વનો વિજ્ઞાનશાસ્ત્રીઓએ અસ્પષ્ટ અને આડકતરો સ્વીકાર કર્યો છે.

મનુષ્ય તથા અન્ય દરેક પ્રાણીમાં આત્મા છે અને જીવ માત્રમાં જે કાંઇ આહારાદિક સંજ્ઞા અને ઓછા વધુ જ્ઞાનાદિક ગુણો દેખાય છે અને જે કાંઇ પ્રવૃત્તિ કરે છે તે દરેક જીવમાં રહેલ આત્માની શકિતનો પ્રભાવ છે એટલું સ્વીકાર્યા પછી જીવમાં આત્માની સાથે બીજું જે એક અજીવ, જડ અથવા પુદ્ગલ તત્ત્વ રહેલું છે તેનો વિચાર કરવો જરૂરી છે.

આ સંસારમાં દરેક જીવને કાંઇ ને કાંઇ શરીર સાથે રહેલું છે જ. શરીર વગરના જીવ અથવા આત્માની કલ્પના આ સંસારને વિષે થઇ શક્તી નથી. ચર્મ ચક્ષુથી અગોચર સૂક્ષ્મ અને સ્થાવર નિગોદના જીવોને પણ સૂક્ષ્મ શરીર અવશ્ય હોય છે. જે જીવોના શરીરો નાના મોટા પ્રકારે સ્થૂલ હોય છે તે ચક્ષુ, મન અને બીજી ઇન્દ્રિયોથી સારી રીતે જાણી શકાય છે. જીવોનું શરીર એક પૌદ્ગલિક પરિણામ છે. તે સમયે સમયે શ્વાસોશ્વાસ અને આહાર વિગેરે ક્રિયા દ્વારા ગ્રહણ કરાય છે, તે શરીરના જુદા જુદા આકાર, સંઘાત, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિગેરે રૂપે પરિણમે છે. તે શરીર શાતા અને અશાતા અથવા સુખ-દુઃખનું નિમિત્ત બને છે, તે જન્મસ્થાનની વિશેષતાને કારણે ઉચ્ચ નીચના વ્યવહારનો વિષય બને છે, આયુષ્ય હોય ત્યાં સુધી શરીરનું ગ્રહણ તથા ધારણ કરી શકાય છે અને મૃત્યુ સમયે તે છોડી જવું પડે છે. જીવના શારીરિક પુદ્ગલોના આવા પરિણામ, ધર્મો અથવા ગુણો છે.

જીવમાં જેમ શારીરિક પુદ્ગલોના ગ્રહણ અને ધારણ કરવાનો સતત ભાવ જોવામાં આવે છે તેમ તેથી પણ ઘણો વધુ અગત્યનો અને જીવના શરીર તથા સર્વ વ્યાપારના મૂળરૂપ એક જાતનો ભાવ જીવમાં હમેશાં જોવામાં આવે છે. તેનું નામ જીવનો રાગ દ્વેષનો પરિણામ છે. મનુષ્યના રાગ-દ્વેષ જાણીતા છે. આધ્યાત્મિક વિકાસક્રમની ઉન્નત કોટીએ સાતમાથી આગળના ગુણસ્થાનકે વિરાજતા મહાત્મા પુરુષો સિવાય બીજા સર્વ મનુષ્યમાં આ દુનિઆના જુદા જુદા પદાર્થો અને પ્રાણીઓ વિષે રાગ અથવા દ્વેષ સહેજે જોઇ શકાય છે. મનુષ્યનો શરીર ઉપરનો મોહ જાણીતો છે. શરીરના સુખ, શાંતિ તથા રક્ષણ માટે ઇચ્છિત પદાર્થો મેળવવા તે નિરંતર પ્રવૃત્તિ કરતો રહે છે. તે માટે ખોરાક લે છે, વસ્ત્ર પહેરે છે, ઘર કે માળા બાંધે છે, જલપાન કરે છે, સ્નાન, સ્નેહન, વિલેપન, ઉદ્દીપન, ઔષધોપચાર વિગેરે ક્રિયા કરે છે. એ સર્વ શરીર પ્રત્યેના મોહ અથવા રાગને કારણે કરે છે, એ વિચાર કરતા સમજાય તેવું જ છે. તેવી જ રીતે શરીરના સુખ, શાંતિ અને રક્ષણમાં વિઘ્નકારક પદાર્થો દૂર કરવાની અને તેથી દૂર રહેવાની તે સતત ચિંતા કરે છે. તેવા વિઘ્નકારક પદાર્થો પ્રત્યે સહેજે તેને દ્વેષભાવ પ્રગટે છે. આધ્યાત્મિક વિકાસ ક્રમના ઉન્નત માર્ગે પહોંચેલા થોડા મહાત્મા પુરુષો સિવાય બીજા સર્વને વધુ ઓછો રાગ-દ્વેષભાવ કાયમ હોય છે, એ સર્વના અનુભવની વાત છે. તે રાગ-દ્વેષમાંથી બીજા પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક ફણગા ફૂટે છે, ક્રોધાદિક કષાયભાવ પ્રગટે છે. રાગજનિત ઇચ્છિત પદાર્થો મેળવવા અને તેનો સંગ્રહ કરવાની વૃત્તિમાંથી લોભ અને માયા અથવા પ્રપંચનો જન્મ થાય છે. તે આગળ વધતાં પરિગ્રહ અથવા મૂર્ચ્છા, ચોરી, જૂઠું બોલવું વિગેરે રૂપે પરિણમે છે. મૈથુન ભાવ પણ એક જાતનો રાગયુક્ત પરિણામ છે મનપસંદ પદાર્થો પ્રત્યે જેમ રાગ પ્રગટે છે તેમ અણગમતા પદાર્થો પ્રત્યે દ્વેષ પ્રગટે છે. તેમાંથી કામ ઉત્પન્ન થાય છે, પોતા વિષે માનબુધ્ધિ અને બીજા પ્રત્યે તુચ્છ ભાવ પેદા થાય છે, ઉપરાંત ભય અને દુર્ગંચ્છાનો ભાવ પણ તેમાંથી પ્રગટે છે. ક્રોધાદિક ભાવ આગળ વધતા હિંસા વિગેરે રૂપે પરિણમે છે. મનુષ્ય ઉપરાંત અન્ય સર્વ જીવોમાં રાગ-દ્વેષનો ભાવ અને તેના પરિણામ રહેલા છે. પશુ-પક્ષી અને સર્વ નાના-મોટા હાલતાચાલતા ત્રસકાયના જીવોના શરીર ભયમાં મૂકાતા તેઓ નાસભાગ કરી મૂકે છે, સ્વબચાવ અર્થે તેમજ દુસ્મનને મારી હઠાવવા શક્તિનો ઉપયોગ કરે છે, દરેક જીવ જોઇતા આહાર માટે નિત્ય શોધમાં રહે છે. કીડી મંકોડી તો વળી ખોરાકનો સંગ્રહી રાખે છે, અને તેના માર્ગમાં આડે આવનારને ચટકો-ડંશ મારી દ્વેષભાવ વ્યક્ત કરે છે. સર્પાદિકના ક્રોધ તથા પરિગ્રહ મૂર્ચ્છા પ્રસિધ્ધ છે. ઉંદર, બિલાડી, સર્પ, નોળીઆના જાતિવૈર જાણીતા છે. જુદી જુદી હદ, ગામ યા શેરીના કૂતરા બહારના કૂતરાને પોતાની હદમાં આવવા દેતા નથી, આવે તેને તકરાર કરી ભસી, લડી કાઢી મૂકે છે. સર્પ, હરણનો સંગીત રાગ, પતંગીઆનો દીપક રાગ, શિકાર માટે શિઆળીઆ બગલા મસ્ત્યનું માયાવીપણું વિગેરે જુદા જુદા પ્રાણીઓ પોતાના ખાસ પ્રકારના રાગ-દ્વેષના કારણે દ્દષ્ટાંતરૂપ બન્યા છે. હાલતા ચાલતા જીવો માફક સૂક્ષ્મ અને સ્થાવર એકેન્દ્રિય જીવોને પણ રાગ-દ્વેષ હોય છે જ. વનસ્પતિના જીવો પણ ક્રોધાદિક લાગણી અનુભવે છે તેમ સદ્દગત જગદીશચંદ્ર બોઝે સિધ્ધ કરી આપ્યું છે. બીજા એકેન્દ્રિય જીવોના રાગ-દ્વેષ આપણી ચર્મ-ચક્ષુએ દેખી શકાય તેવા વ્યક્ત નથી હોતા, પણ જ્ઞાની પુરુષોએ જ્ઞાનબળથી જોઇને તે વિષે શાસ્ત્રોમાં ઘણું લખ્યું છે, તે યુક્તિપુરસ્સર છે. એકેન્દ્રિય જીવોના ફરી ફરીને જન્મ મરણ અથવા ભવધારણ બહુ થોડા સમયને અંતરે થયા કરે છે. દરેક જીવને પોતાના શરીર અને જીવન વિષે અત્યંત રાગ હોવાથી મરણ જેવું મોટું દુ:ખ નથી. એ રીતે જોઇ શકાશે કે રાગ-દ્વેષ દરેક જીવને દુ:ખ-પરંપરાનું કારણ છે. રાગ પણ અંતે દ્વેષ, દુ:ખ અને કલેશમાં પરિણમે છે. કોઇ જીવને રાગથી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય તો તે લાંબો વખત ટકતી નથી. તેમાં બીજાઓ તરફથી તથા કુદરતી અનેક વિઘ્નો-અડચણો આવે છે. આ દુનિઆનો દરેક પુદ્દગલ પદાર્થ નાશવંત અને પરિણામશીલ છે. ઇચ્છાઓ અનેક છે અને સમયે સમયે અનેકગણી વધે છે. તે કદી સંતોષાતી નથી. કદાચ કોઇને બધી રીતે સુખ હોય તેમ દેખાય છતાં આયુષ્ય પુરું થતા ભોગોપભોગના તમામ સાધનો ઇચ્છા નહિ હોવા છતાં છોડીને ચાલ્યા જવું પડે છે. એટલે આ દુનિઆના ભોગોપભોગ અને પૌદ્દગલિક પદાર્થો પ્રત્યે જેમ વધુ રાગ-આસક્તિ કેળવ્યા હોય છે તેમ તે વધુ દ્વેષ, દુ:ખ, કલેશના કારણ બને છે. જીવ જે પૌદ્દગલાદિક પદાર્થોથી સુખ મેળવવા મથે છે તેમાં મમત્વ રાગ-આસક્તિ રાખે છે તે સર્વ અંતે દુ:ખ અને કલેશરૂપ બને છે.

આ સંસારમાં દરેક જીવમાં રાગ દ્વેષ છે, અને તે દુ:ખ અને કલેશનું કારણ છે એમ ઉપર જોવાઇ ગયું છે. હવે તેની આત્મા ઉપર શું અસર થાય છે તે જોવાનું રહે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજન : એક મહત્ત્વની ક્રિયા

ધાર્મિક વિધિ–વિધાનના અનુસંધાનમાં ખાસ પ્રેરણાદાયી અધ્યાત્મ ગીતા સમા શ્રીમદ્ આનંદઘનજી મહારાજના સ્તવન સંબંધી વિચારણામાં અવગાહન કરીએ તે પૂર્વે એક વાત નિશ્ચિત કરી લેવાની જરૂર છે અને તે એ જ કે જૈન ધર્મની પ્રત્યેક આત્મકલ્યાણ-કારી કરણીમાં અરિહંત યાને તીર્થંકર પ્રભુની પૂજા મહત્ત્વનો ભાગ ભજવે છે, એટલે જે યુગમાં મૂર્તિપૂજા સામે ચેડા કાઢવામાં આવતાં જોવાય છે કિંવા જૈન સમાજનો એક ભાગ જેનાથી હાથ ધોઈ બેઠો છે એ વેળા 'શ્રીમદ્ આનંદઘનજી મહારાજ જેવા પ્રખર યોગી ડિંડિમનાદે મૂર્તિપૂજનનું મહત્ત્વ સ્વીકારે છે અને એના વિના જનતાના મોટા ભાગનો આત્મ–પથ તિમિરાચ્છાદિત છે એમ ભાર મૂકી જણાવે છે.' એ વાત ભૂલવા જેવી નથી.

વીતરાગની મૂર્તિ જેવું સુંદર અને ભાવ-શ્રેણીવર્ધક સાધન ત્યજી દઈ જેઓ કેવળ નિરાલંબન ધ્યાનની વાત કરે છે તેઓ સાચે અંધારામાં અથડાય છે. કેવળ નામસ્મરણથી ધ્યાનની એકાગ્રતા જામી શકતી નથી. વર્ત-માન કાળના સંખ્યાબંધ પ્રસંગોમાંથી એ વાતમાં રહેલ સત્ય અવધારી શકાય તેમ છે. જે યુગ દેશનેતાના ફોટા સંગ્રહે છે, બાવલા ઊભા કરે છે, અભ્યાસના પુસ્તકોમાં ચિત્રોની આવશ્યકતા સ્વીકારે છે અને હોંશભેર સગા-વહાલાના ફોટા ખેંચાવે છે તે યુગના માનવીઓમાંથી જ્યારે મૂર્તિની અગત્ય સંબંધે શંકા ઉઠાવાય અગર તો પત્થરની ગાય દૂધ આપે ખરી? એવા ભ્રમોત્પાદક પ્રશ્ન ખડા કરી જડ એવા પત્થરમાં પ્રભુપણાનો આરોપ કરવો એ નરી મૂર્ખતા છે, અથવા તો પત્થર પૂજે શો દિ' વળવાનો છે એવા ઉપદેશ અપાય ત્યારે સહજ સવાલ ઊઠે છે કે આ માનવીઓ બુદ્ધિપૂર્વક તોલન કરી સત્યાસત્યની તારવણી કરી શકે છે કે કેવલ સંપ્રદાયના અંધારા કૂવામાં બુડેલા છે? અથવા તો સ્વચ્છંદતાની સરિતામાં તણાઈ રહેલાં છે?

જો કાગળનું ચિત્ર મૃત માતા કે પિયર ગયેલી પત્નીની સ્મૃતિ કરાવી શકતું હોય, જો પત્થરનું બાવલું અવસાન પામેલા નેતાના ગુણોનું ભાન કરાવી શકતું હોય તો પછી પત્થરમાંથી તૈયાર કરાયેલી–વીતરાગ પ્રભુમાં જે જાતના ગુણો અને લક્ષણો હતાં એનો ચિતાર રજૂ કરતી–યોગ્ય રીતે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિ શા સારૂ લાભદાયી ન હોઈ શકે? એની ઉપાસના કરવામાં કઈ દોષાપત્તિ છે? એમાં આંધળી શ્રદ્ધા કેમ કહી શકાય? કયા કારણે સાધન સામે વંટોળ પેદા કરાય છે-અને તે પણ ઊગતા તરુણો તરફથી એ નથી સમજાતું.

જે જાતની પ્રાણ–પ્રતિષ્ઠા કરવામાં આવી હોય તે પ્રકારની ફળપ્રાપ્તિ થઈ શકે છે. માટીની મૂર્તિ બનાવી, એને ગુરુપદે સ્થાપી એકલવ્યે અમોઘ બાણકળા સાધી હતી એ વાતથી કોણ અજાણ્યું છે? જે એકધારી અડગ શ્રદ્ધાથી પત્થરની બનાવેલી મૂર્તિને ખરેખર અરિહંત દેવ માની ઉપાસના કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે ઇપ્સિત મેળવે છે, એમાં રંચમાત્ર શંકાને સ્થાન નથી. 'જિનપ્રતિમા જિન-સારિખી, કહી સૂત્ર મોઝાર' એ વચન ટંક-શાલી છે. દૃઢ શ્રદ્ધાવંત એનો પરચો પામે છે.

નિરાલંબન ધ્યાન અમુક ગુણસ્થાનક યા તો ધ્યાનની અમુક હદ પ્રાપ્ત કર્યા સિવાય સંભવતું નથી. એટલે ત્યાં સુધી અવલંબનની અગત્ય રહેવાની જ; અને અવલંબનમાં વીત-રાગની મૂર્તિ સમું અન્ય યોગ્ય સાધન મળે તેમ છે જ નહિ. એથી પ્રત્યેક આત્માએ–દરેક જૈન સંતાને મૂર્તિનું પૂજન ભાવપૂર્વક કરવું જ જોઇએ. બ્રાહ્મણ માટે જેમ સંધ્યાકર્મ એ આવશ્યક ક્રિયારૂપ છે તેમ જૈન માટે દેવ-પૂજા એ દરરોજના છ કાર્યોમાંનું એક–પહેલું-અને અગત્યનું કાર્ય છે.

આ મહત્ત્વ ધ્યાનમાં લઇ અધ્યાત્મરસિક યોગી શ્રીમદ્ આનંદઘનજી મહારાજે ચાલુ ચોવીશીના તીર્થંકરોને આશ્રયી સ્તવનરચના કરી છે. સાથોસાથ એમાં પોતે પચાવેલ આગમ જ્ઞાન અને એ પરથી અધ્યાત્મદશાના પુનિત પ્રદેશમાં કેવી રીતે પગલા માંડવા એનો ટૂંકમાં સુન્દર ચિતાર આપ્યો છે. પહેલી નજરે એકાદ તીર્થંકરને ઉદ્દેશી ગવાતાં સ્તવનમાં જેમ જેમ આત્મા ઊંડો ઉતરે છે તેમ તેમ તત્ત્વચર્ચા અને વિવિધ વિષયની વિચારણા જોર પકડે છે. એનો અંતભાગ આવતાં એમાંથી રહસ્ય તારવતો અનુભવાય છે. આ રીતે શ્રી આદિનાથથી શ્રી અજિતપ્રભુનું સ્તવન ગણનામાં બીજું આવતાં છતાં જ્યારે એમાં ભરેલા અગાધ આત્મિક જ્ઞાનની તરતમતાએ જોઇએ છીએ ત્યારે જાણે પહેલાં કરતાં બીજામાં કેટલોયે પંથ કાપી આવ્યા ન હોય તેમ જણાય છે. એના જ્યારે અંકોડા મેળવીએ છીએ ત્યારે સહજ સમ-જાય છે કે યોગીરાજે આત્માને પ્રભુભક્તિમાં જોડવા સારુ–વર્તમાન ચોવીશીના તીર્થંકરોને નજર સામે રાખી–એવી કૃતિની રચના કરી છે કે જે દ્વારા જ્ઞાનાર્ણવ સમા આગમજ્ઞાનનો સચોટ ખ્યાલ આવે. આત્મા વાદ–વિવાદ કે આડીતેડી ચર્ચામાં ન પડતાં સીધો પોતાના આંતરિક પ્રદેશમાં જોવા માંડે.

આમ કરવામાં એ મહાત્માએ પ્રચલિત રાગોનો ઉપયોગ કર્યો છે છતાં કેટલીક વાર આજના નાટકીયા રાગોનું અનુકરણ કરનારા, મર્યાદા બહાર જઈ કોઇ કોઇ વાર અર્થશૂન્ય શૃંગારિક શબ્દો વાપરે છે અથવા તો પોતા માટે ખોટો આડંબર સેવે છે તેવું થવા દીધું નથી. સ્તુતિની કક્ષામાં કાયમ રહી, ચર્ચાના વિષયને કે વાદ–વિવાદના પ્રશ્નને છેડી, પાછો તેનો યુક્તિપુરસ્સર સમન્વય સાધી, પ્રાંત ભાગે આત્મભાન કરવા જ મૂળ મુદ્દો છે તે પર આવી જાય છે અને 'આનં-દઘન' પ્રયોગમાં સાધ્ય સહ સાધકનો સમાવેશ કરે છે.

ચોવીશીમાં **ऋषभ જિનેશ્વર પ્રીતમ માહારો રે** એ પ્રથમ સ્તવન છે એ તરફ દૃષ્ટિપાત કરીએ. (ચાલુ)

**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવાહના પ્રશ્નો

## રૂપિયા ત્રણ હજારનું ઈનામ

મેવાડના મદારનિવાસી શ્રી સુંદરમલ રાઠોડના નામે એક જાહેરાત જૈન અખબારોમાં પ્રગટ કરવામાં આવી છે, જેમાં તેઓએ જણાવ્યું છે કેઃ—

હાલમાં ઉદેપુરમાં રહેતા એક જૈન ગૃહસ્થ શેઠ છગનલાલજીના પોતાના નાના પુત્ર હીરાલાલજીને જે કોઇ જૈન ધર્મમાં સ્થિર કરશે-ખ્રીસ્તી બનતો અટકાવશે તેને રૂપિયા ત્રણ હજારનું ઇનામ આપવામાં આવશે.

આ પ્રસંગને અંગે વાત એમ છે કે ભાઇ હીરાલાલ છેલ્લા છ આઠ માસથી પોતાનું ઘર છોડી ચાલ્યો ગયો છે, અને તે ખ્રીસ્તી ધર્મમાં વટલાઇ જશે એવો ભય તેના પિતાને લાગ્યો છે. હજુ જો કોઇ જૈન વિદ્વાન, સાધુવર્ય કે અભ્યાસી યોગ્ય પ્રયાસ કરે તો કદાચ હીરાલાલ જૈન ધર્મમાં સ્થિર રહે એવી આશા પણ છે.

બીજી વાત એ પણ છે કે હીરાલાલજી પોતે વટલાયો નથી, પરંતુ પોતાના હાથે તેમણે ૭૮ જેટલા જૈનોને ખ્રીસ્તી બનાવ્યા છે અને એ દિશામાં તેનો પ્રયાસ ચાલુ જ છે.

આ વર્ત્તમાન બહાર આવ્યા પછી હજુ ભાઇ હીરાલાલને કોઇ સમજાવી શકયા હોય તેમ જણાયું નથી, તેમ કોઇ સંસ્થાએ એ માટે વધુ તપાસ કરી તેને અંગે વધુ જાણવા જેવી વિગતો બહાર મૂકી નથી. અલબત્ત, હીરાલાલને સમજાવવા માટે આ પ્રકરણની વધુ વિગતો જાણવા માટે કોઇ કોઇ જિજ્ઞાસુએ વ્યકિતગત તપાસ કરી હશે, પરંતુ તેનું પરિણામ શૂન્ય છે અગર હજુ અપ્રગટ છે.

જે વિગત બહાર આવી છે તે પરથી હીરાલાલની આર્થિક સ્થિતિ સારી છે. એટલે પૈસાના પ્રલોભને આ માર્ગ તરફ તેઓ ખેંચાયા હોય તેમ માનવાને કારણ નથી, તેમ તેઓ કોઇ સારા અભ્યાસી કે ધર્મજિજ્ઞાસુ હોવાનું જાણમાં નથી. માનસિક નબળાઇ પણ કદાચ તેઓને આ માર્ગે દોરી લઈ જતી હોય તો પણ ના ન કહેવાય.

હીરાલાલના જીવન-પલટાનો યથાર્થ ઇતિહાસ જ્યાં સુધી કોઇ અનુભવી બહાર ન મૂકે ત્યાં સુધી એ પ્રકરણને અંગે સમાજની ફરજનો વાસ્તવિક ખ્યાલ ન આવી શકે, પરંતુ આ કિસ્સો આપણને એક વિચારણીય પ્રશ્ન તરફ દોરે છે. જે વિચાર્યા વિના જૈન-જગતને લાગુ પડેલ ક્ષયની બીમારીનો નીચોડ અશકય છે. તે પ્રશ્ન છે આપણા ઘટતાં જતા સંખ્યાબળનો.

## ધર્મપલટાનાં કારણો

ધર્મ પરિવર્તનના મુખ્યત્વે બે કારણો આજે આપણી સામે ઊભા છે.

( ૧ ) આજીવિકાના પ્રશ્નને અંગે ધર્મપલટો.

( ૨ ) અલ્પ જ્ઞાનને અંગેનો ધર્મપલટો.

ખ્રીસ્તી, ઇસ્લામ કે આર્ય સંપ્રદાયનો ઇતિહાસ આપણને સ્પષ્ટ શબ્દોમાં સમજાવે છે કે જ્યાં માનવ-જીવનની રોજની સમસ્યાઓનો ઊકેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ શકયો નથી ત્યાં એ સમશ્યાના ઊકેલના પ્રલોભનો વચ્ચે આજે અનેક માનવીઓએ ધર્મ-પરિવર્તન કર્યાના અને એ રીતે ઇસાઇ આદિ સમાજની હજારો કે લાખોની સંખ્યા વધવા પામી છે. ભૂખની પીડાથી રીબાતી જનતાનો સાદ જ્યારે કોઇ સાંભળનાર મળતું નથી ત્યારે મીશનના આવા પ્રલોભનો વચ્ચે તેઓ પોતાના કુળધર્મને શ્રધ્ધાપૂર્વક વળગી રહેવાની શક્તિ ગુમાવતા જાય છે, અને ધીમે ધીમે એમનું જીવન ધર્મ-પલટાથી રંગાય છે.

અમુક લોભ-લાલચ કે સગવડ ખાતરનો આવો ધર્મપલટો સ્થિર રહી શકતો નથી તેમ જ આ જાતની વટાળ પધ્ધતિથી પોતાના સમુદાયનું સંખ્યાબળ વધતા કોઇ 'ધર્મ'ની કીંમત વધી જાય છે એમ પણ નથી.

"ધર્મ" એ કંઇ બજારુ વસ્તુ નથી. તેનું મૂલ્ય કેવળ સંખ્યાબળ પર પણ ન અવલંબે. તે તો "આત્મકલ્યાણ"ના તત્ત્વોથી આંકી શકાય. આ જાતનો ધર્માંતર જેટલો શોચનીય છે તેટલો દયાજનક છે.

પરંતુ સુયોગ્ય પ્રેરણા અને પ્રોત્સાહનના અભાવે કેટલાક સ્થાને, સંયોગોવશાત્ પરાધીનપણે પણ ધર્માન્તર 'અનિવાર્ય' બનતો હોય ત્યાં વટલાતા માનવીને કંઇ રીતે જવાબદાર ગણવો? ત્યારે તો તેમની પ્રતિકૂળતા નિવારવાનો માર્ગ સમાજે વિચારવો જ રહ્યો, અને ત્યારે જ એ ધર્માન્તરની ઉપસ્થિત થતી દયાજનક સ્થિતિનો અંત આવે.

ધર્મપલટાનું બીજું કારણ અલ્પ જ્ઞાનનું મનાય છે.

દરેક જૈનધર્મી, જૈન-દર્શનનો પૂર્ણ અભ્યાસી હોતો નથી. જૈન તત્ત્વથી-ધર્મથી સારુંએ હૃદય વણાયું હોય તેવા અટલ અભ્યાસી બહુ જ અલ્પ સંખ્યામાં આપણને મળી શકે.

કેટલાકને જૈન-દર્શનનું સામાન્ય જ્ઞાન હોય છે તો કેટલાકને માત્ર પોતાની જાતને જૈન કહેવરાવવા પૂરતું જ જ્ઞાન હોય છે. આવા વર્ગને જૈન દર્શનના વધારે અભ્યાસી બનાવવાનું તેમ જ ધર્મનો મર્મ સમજાવવા માટે તેમની સામે અવારનવાર જ્ઞાનોપદેશ કે ધર્મની પ્રેરણા જાગૃત રહે તેવું વાતાવરણ જન્માવવાનું ચાલુ રહે તો જ તેઓ સમય જતાં ધર્મના મૂલ્ય સમજે-ધર્મસૂત્રોને જીવન સાથે વણતા થાય.

આ જાતની પ્રેરણા આપતું જાગૃત વાતાવરણ આપણે સ્થળે સ્થળે રાખી શકયા નથી. પરિણામે, લાંબા કાળ સુધી ધર્મ-ભાવનાની પ્રેરણાના અભાવે જનતાનું જ્ઞાન ઘસાતું ચાલ્યું અને વધુ સમય જતાં તે સમાજ જૈન ધર્મના આચાર વિચારની અજ્ઞાનતાને અંગે વટલાતો ચાલ્યો.


યુ. પી. તરફનો પલ્લીવાલ સમાજ, બંગાળ બીહાર તરફનો ત્રણ લાખની વિપુલ સંખ્યા ધરાવતો સરાક સમાજ આપણને આ વસ્તુ બરાબર સમજાવે છે. તે લોકો એક વખત જૈન જ હતા, જૈન-ધર્મના વિધિવિધાનો અને જ્ઞાનોપાસનામાં તેઓને રસ હતો, પરંતુ કાળબળે ત્યાં આપણા પૂજ્ય સાધુ-સમાજનો પગરવ ઓછો થયો, ધર્મોપદેશકો પણ ત્યાં ન જઇ શકયા અને એ રીતે મળતી ધાર્મિક પ્રેરણા બંધ થતાં તેઓ જૈન-ધર્મથી વિમુખ થયા. આજે એ જ ભાઇઓને પોતાના પૂર્વ-સંસ્કારનો ખ્યાલ આપવામાં આવે છે ત્યારે તેમને પોતાના પૂર્વ-ધર્મનો ખ્યાલ આવે છે અને શ્રધ્ધા-ભક્તિપૂર્વક આજે તેમાંનો જાગૃત થયેલ વર્ગ જૈન ધર્મનો પુનઃ રાગી બનતો આવ્યો છે.

## સમાજની ફરજ

હીરાલાલજીના પિતાએ તો પોતાની ધર્મ-શ્રધ્ધાને અંગે, પોતાના પુત્રને જૈન ધર્મમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## શ્રી રમણલાલ વ. દેશાઇ

### જૈન આત્માનંદ સભાની મુલાકાતે

વડોદરાના નાયક સુબા અને જાણીતા નવલકથાકાર સાક્ષરરત્ન શ્રી રમણલાલ વસંતરાય દેસાઇ ગત તા. ૧૪-૮-૩૯ના રોજ આ સભાની મુલાકાતે આવ્યા હતા, જ્યારે સભાના પ્રકાશનો, પ્રાચીન સાહિત્યભંડાર અને પુસ્તકાલય વગેરેનું નિરીક્ષણ કરી તેઓશ્રીએ સંસ્થાની સાહિત્યસેવા માટે સંતોષ વ્યકત કર્યો હતો અને નીચેના શબ્દોમાં પોતાનો અભિપ્રાય આપ્યો હતો.

"૪૩ વર્ષ જેટલી લાંબી સેવા બહુ ઓછી સંસ્થાઓની હોય છે. આટલા લાંબા સમય સુધી એકધારું પ્રકાશન, સંગ્રહ અને સાચવણી થયા કરે એ કાર્યકર્તાઓનો અવિરત ઉત્સાહ અને ધ્યેયલક્ષીપણાનું સુચિહ્ન છે.

હિંદુ અને જૈન સંસ્કૃતિ એક જ આર્ય સંસ્કૃતિની શાખાઓ છે. એ પરસ્પર સંકલાયેલી છે, અને એ બન્નેની સાંકળ સતત જોડાયલી જ રહે એ અર્થે જૈન સાહિત્ય અગર જૈનોએ સંગ્રહેલું પ્રાચીન સાહિત્ય સહુના વાંચન અને મનનને પાત્ર છે.

બન્ને સંસ્કૃતિનો ઇતિહાસ પણ એક જ પાયા ઉપર રચાયેલો છે. એટલે જૈન દૃષ્ટિબિંદુ સમજ્યા વગર હિંદુઓને ચાલે એમ નથી.

જૈન સંગ્રહોએ તો આપણા ઇતિહાસને અને આપણી પ્રાચીન ભાષાને સાચવી રાખ્યાં છે. એની જેટલી કદર અને જેટલી કિંમત થાય એટલી ઓછી છે.

આવી એક દીર્ઘજીવી સંસ્થાની મુલાકાતનું મને માન મળ્યું અને સંગ્રહ જોવાનો તેમજ પ્રકાશનોનો પરિચય કરવાનો અવસર મળ્યો એ માટે હું મને પોતાને તો ભાગ્યશાળી જ માનું છું અને કાર્યવાહકોનો આભાર માનું છું.

---

સ્થિર કરવા માટે રૂા. ત્રણ હજારનું ઇનામ આપવાની જાહેરાત કરી અને સમાજ એમનું દયાજનક ચિત્ર જાણી શકયો, પરંતુ આજે તો પેટની પીડાને કારણે કે ધર્મમાં સ્થિર રહેવાની યોગ્ય સાધન-સામગ્રી કે પ્રેરણાના અભાવે, હજારો હીરાલાલ સ્વધર્મથી વિમુખ બની ગયા છે, બનતા જાય છે તેનો સમાજે ગંભીરપણે વિચાર કર્યો છે?

ગુજરાત, મુંબઇ કે મારવાડના અમુક જાણીતા વિભાગમાં વસતા જૈન-સમાજને આ દયાજનક સ્થિતિનો ખ્યાલ તરતમાં આવે તેમ નથી. એ માટે તો નાના-નાના ગામડા અને અજાણ્યા પ્રદેશો ખોળવા ઘટે. એ ખોજ કરવા માટે સુખદ-સહેલને બે ઘડી અળગી કરવી ઘટે. ત્યારે જ આપણે બીહાર કે બંગાળ, માળવા કે ઓરીસા, યુ. પી. કે પંજાબને પૂર્વની જેમ જૈનોથી ઉભરાતો જોઈ શકીશું.

જૈન-જગતની આ એક અનિવાર્ય ઉકેલ માગતી સમસ્યાનો અવાજ, નાના-મોટા મતભેદોમાં શક્તિ વેડફી રહેલ સમાજને કાને અથડાશે ખરો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભાનાં પ્રકાશનોનો વધારે પ્રમાણમાં ઉપયોગ થાય, આપણા વિદ્વાનો તે તરફ વધારે નજર કરતા થાય અને જે સંસ્કારગ્રંથણીએ હિંદુ અને જૈન સંસ્કૃતિને ભેગી વણી છે તેનું નિરૂપણ કરવા પ્રવૃત્ત થાય તેટલું તો હું જરૂર ઇચ્છું જ.

હું આ સભાને 'શત શરદ' નહી પણ 'અનેક શત શરદ'નું જીવન ઇચ્છું છું." તા. ૧૪-૮-૩૯

**રમણલાલ વ. દેશાઇ**

**પોસ્ટ ગ્રેજ્યુએટોને અર્ધમાગધી (પાકૃત) અભ્યાસ માટે વડોદરામાં સગવડ**

પાલી વિગેરે અન્ય ભાષાઓને સ્થાન અને ઉત્તેજન મળવા છતાં, દેશી ભાષાઓ સાથે નિકટનો સંબંધ ધરાવનારી અર્ધમાગધી (પ્રાકૃત) ભાષાને **બરોડા કૉલેજ**માં હજુ સુધી સ્થાન મળ્યું નથી; તેમ છતાં એ જાણીને આનંદ થાય છે કે **મુંબઇ યુનિવર્સિટીએ** ચાલુ વર્ષથી **વડોદરા**-પ્રાચ્ય વિદ્યામંદિર(ઓરીએન્ટલ ઇન્સ્ટીટ્યુટ)ના **જૈન પંડિત લાલચંદ્ર ભગવાન ગાંધીનો પોસ્ટ ગ્રેજ્યુએટોના અર્ધમાગધી અધ્યાપક તરીકે સ્વીકાર કરેલ** હોવાથી **વડોદરામાં** અભ્યાસ કરવા ઇચ્છતા તેવા ઉચ્ચ કક્ષાના અભ્યાસીઓ માટે ઉત્તમ સગવડ થઇ છે. એથી આ યોજનાનો લાભ જૈન અને જૈનેતર સર્વ કોઇ પોસ્ટ ગ્રેજ્યુએટો સારી રીતે લઇ શકશે. આવી સુયોગ્ય યોજના કરવા માટે મુંબઇ યુનિવર્સિટીનું પોસ્ટ ગ્રેજ્યુએટ બોર્ડ અને વડોદરા રાજ્યના એજ્યુકેશન અધિકારીઓ પ્રશંસાને પાત્ર છે.

**સાદડી ( મારવાડ )**

આ વર્ષે સાદડીમાં આચાર્ય મ. શ્રીમદ્‌વિજય લલિતસૂરિજી મહારાજ આદિ ૭ મુનિરાજોનું ચાતુર્માસ છે.

વ્યાખ્યાનમાં ભગવતી સૂત્ર અને ચંદ્ર કેવલી ચરિત્ર વંચાય છે.

આ વર્ષે મારવાડ વગેરે સ્થળોએ વરસાદ ન હોવાથી ઘાસ-ચારાની ખૂબ તંગી છે તેથી આચાર્યશ્રીના ઉપદેશથી એક સારૂં ફંડ એકત્ર કરવામાં આવેલ છે. તે ફંડથી અત્રે ઢોરને છુટથી ઘાસ આપવામાં આવે છે. આ કાર્યનું અનુકરણ જ્યાં વરસાદ ન હોય ત્યાં પર્યુષણ પ્રસંગે આપણા સાધુમહારાજો કરશે એવી અમોને આશા છે.

---

**ઝરીયા**

રંગુન પાસેના આ શહેરમાં ગુજરાત, કાઠીયાવાડ ને મારવાડના જૈનોની સારી વસ્તી છે અને ત્યાંના ઉત્સાહી કાર્યકર શ્રી અમૃતલાલ કામદાર વગેરેના સ્તુત્ય પ્રયત્નથી અત્રે શ્રી મહાવીર જૈન બોર્ડીંગ હાઉસની સ્થાપના કરી છે. આ પ્રદેશમાં આવી સંસ્થા પ્રથમ હોવાથી તેના કાયમી નિભાવ અર્થે દાનવીરોએ યોગ્ય મદદ કરવા જરૂર છે.

## સ્વીકાર-સમાલોચના

**સૌરાષ્ટ્ર ઇતિહાસ દર્શન**-ભાવનગર રાજ્યના સામાજિક અને આર્થિક પરિચય સહિત કર્તા, ગોરધનદાસ નાગરદાસ મહેતા. શીહોર. કિંમત. રૂ. અઢી.

આ પુસ્તકમાં ઇ. સ. પૂર્વે ૧૫૦૦ માં શ્રી કૃષ્ણે સૌરાષ્ટ્રમાં દ્વારામતી વસાવી ત્યાંથી તે ઇ. સ. ૧૫૭૫ માં શ્રી વિસાજી ગોહેલે શીહોરમાં ગાદી સ્થાપી ત્યાં સુધીનો હિંદુ અને મુસલમાન રાજ તથા બ્રિટીશ સરકારના રાજ્યકાળનું વર્ણન પહેલા ખંડમાં આપવામાં આવેલું છે. અને દ્વિતીય ખંડમાં શ્રી વીશાજી ગોહિલથી ભાવનગર રાજ્યને વસાવનાર મહારાજ ભાવસિંહજી સુધીનો ઇતિહાસ તથા ત્યાંથી હાલના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી સુધીનું ઐતિહાસિક વર્ણન અનેક ઐતિહાસિક ગ્રંથોનો આધાર લઇ, તેમ ભાવનગર રાજ્યનો ભૂતકાળ જાણનાર અનુભવીઓ પાસેથી જાણીને આ ગ્રંથમાં પૂર્વોક્ત ઇતિહાસ રજૂ કર્યો છે. ભાવનગરના ભૂતકાલીન અને અત્યારના ઉત્તરોત્તર ૭ મહારાજાઓના ફોટાઓ પણ આપવામાં આવ્યા છે. સાથે ભાવનગરના ગોહેલ રાજકુળનું વંશવૃક્ષ આપીને આ ઇતિહાસની સંકલના યોગ્ય રીતે ગોઠવવામાં આવી છે. ઇતિહાસપ્રેમી મનુષ્યો માટે વાંચવા જેવો આ ઐતિહાસિક ગ્રંથ છે. લેખક શ્રી ગોરધનદાસનો આ પ્રયત્ન આવકારદાયક છે. છેવટે પરિશિષ્ટોમાં ભાવનગર રાજ્યનું ક્ષેત્રફળ, વસ્તી, ગામડાઓ, આર્થિક સ્થિતિ, જવાબદારી, ઉદ્યોગ, ધંધા, વેપાર, બંદર, રેલ્વે-લાઇન, રાજ્યમાં આવેલી લોકોપકારક સંસ્થાઓ આપી આ ગ્રંથ પૂર્ણ કરવામાં આવ્યો છે. કર્તાને ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ( સાભાર-સ્વીકાર )

**વાસ્તુસાર પ્રકરણ** (પરમ જૈન ચંદ્રાંગજ ઠક્કુર ફેરુવિરચિત) ગુજરાતી ભાષાંતર અને ચિત્રો સહિત. ભાષાંતરકાર પંડિત ભગવાનદાસ જૈન, જયપુર. મકાન, મંદિર અને મૂર્તિ સૌકોઇ મનુષ્ય પોતાના સુખ અને આત્મકલ્યાણ માટે બંધાવે છે. મંદિરમાં પરમાત્મા પધરાવવા માટે બિંબની પણ યોજના કરી પ્રતિષ્ઠા કરવામાં આવે છે, અને મકાનનું વાસ્તુ કરી ગૃહ-પ્રવેશ કરવામાં આવે છે. મકાન તૈયાર થયા પછી ગૃહસ્થ રહેવા જાય છે અને તે મકાનમાં સુખ મેળ-વવા ઇચ્છે છે, છતાં કેટલેક વખત તેથી બેનશીબ રહે છે. મંદિર બંધાવી, બિંબ તૈયાર કરી, પ્રતિષ્ઠા કરી, પૂજા ભકિતવડે મનુષ્યો આત્મકલ્યાણ ઇચ્છે છે, છતાં તે ગામનો સમાજ કે પ્રજા સુખી-સમૃદ્ધિશાળી નથી બનતી કે રહેતી તેનું પણ કંઈ કારણ હોવું જોઇએ. તે નહિ સમજવાથી ઉપર્યુકત વસ્તુની કિંમત ઓછી કરી નાખે છે. ખરી હકીકત એ છે કે મકાન, મંદિર, બિંબ અને પ્રતિષ્ઠા વિગેરે કાર્ય કરવામાં તેના આધારભૂત શાસ્ત્રોને બાજુએ મૂકેલા હોય છે, માટે શિલ્પ અને જ્યોતિષ શાસ્ત્રો જૈન સાહિત્યમાં છે તેના આધારે જો બધું થાય તો તે વિધિપૂર્વક બનાવનાર મનુષ્ય સુખી-સમૃદ્ધિશાળી થઈ આત્મકલ્યાણ સાધી શકે છે. જૈન દર્શન સાહિત્યમાં આવા શિલ્પ અને જ્યોતિષશાસ્ત્રના ગ્રંથો પણ ઘણા છે. અને તે પૈકીનો આ વસ્તુસાર પ્રકરણ નામનો ગ્રંથ છે. શિલ્પસાહિત્યનો આ ગ્રંથ પ્રકટ થતાં અને તે પણ ભાઇ ભગવાનદાસ જેવા પ્રાકૃત-સંસ્કૃત ભાષાના નિષ્ણાતના હાથે તેનું ગુજ-રાતી ભાષાંતર થતાં તેમજ આ. શ્રી વિજય નેમિ-સૂરીશ્વરજી મહારાજના શિષ્ય આ. શ્રી વિજયોદય-સૂરિજી મહારાજની કેટલીક બાબતની સૂચનાથી આ ગ્રંથ તૈયાર થએલો હોવાથી તેની સત્યતા અને ઉપયોગી-પણા માટે કંઈ કહેવાનું હોય નહિ. શિલ્પ અને જ્યોતિષશાસ્ત્રના અનેક ગ્રંથોનો આ ગ્રંથ તૈયાર કરવામાં આધાર લીધેલો હોવાથી તે મુજબ મકાન, મંદિર, બિંબ તૈયાર કરવામાં કે પ્રતિષ્ઠા કરવામાં આવે તો તેમાં વાસ કે પ્રતિષ્ઠા કરનાર કોઇ પણ મનુષ્ય સુખ અને આત્મકલ્યાણનો અનુભવ કર્યા સિવાય ન રહે.

આ ગ્રંથમાં મુખ્ય વિષય ગણિતનો છે અને તેથી તેમાં કોઠા, આકૃતિ તથા ૨૪ તીર્થંકર ભગવાન તથા યક્ષ, શાસનદેવી વિગેરેનું સચિત્ર વર્ણન આપી બહુ જ ઉપયોગી બનાવ્યો છે. ખાંત, વાસ્તુ, પ્રતિષ્ઠા, જિન-બિંબ તૈયાર કરવામાં તેનું માપ વિગેરેની સમજ આ ગ્રંથમાં બહુ યોગ્ય રીતે આપી છે. મકાન, મંદિર બંધાવવામાં જમીનશુદ્ધિથી માંડી, ખાંતનું કોણ, આય, ગણ, નક્ષત્ર, તારા, વ્યય અને કયું સ્થાન કયે સ્થળે વાપરવા માટે બાંધવું તે વિગેરે હકીકત આપી આ ગ્રંથને ખાસ ઉપયોગી બનાવ્યો છે.

આ ગ્રંથ મૂળકર્તાએ સં. ૧૩૭૨ની સાલમાં દિલ્હીમાં લખ્યો છે, તે આ ગ્રંથની પ્રશસ્તિમાં જણાવવામાં આવ્યું છે. આ શિલ્પશાસ્ત્રનો ગ્રંથ પ્રકાશિત કરી જૈન દર્શનના શિલ્પ સાહિત્યમાં એક સારો ઉમેરો કર્યો ગણાય. કોઇ પણ ગૃહ કે લાઇબ્રેરી માટે ખાસ ઉપયોગી ગ્રંથ છે એમ અમે માનીએ છીએ. કિંમત રૂપીયા પાંચ. મળવાનું ઠેકાણું:-પં. ભગવા-નદાસ જૈન, મોતીસિંહ ભોમીયાને રસ્તે, જયપુર સીટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## આ માસમાં થયેલા માનવંતા સભાસદો

( ૧ ) શાહ મણિલાલ વનમાળીદાસ, બી. એ. કુંડલા (હાલ મુંબઇ) લાઇફ મેમ્બર
( ૨ ) શેઠ હિંમતલાલ અમરચંદભાઇ ભાવનગર લાઇફ મેમ્બર
( ૩ ) શાહ જયંતિલાલ માનચંદ ભાવનગર વાર્ષિક મેમ્બર

## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઇડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂા. ૦—૧—૩ મળી મંગાવનારે રૂા. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.

લખો: —**શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.**

## શ્રી પરમાત્માના ચરિત્રો.

( ગુજરાતી ભાષામાં ) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨—૦—૦
૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧—૧૨—૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪—૮—૦
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧—૧૨—૦
૫ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩—૦—૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦—૧૦—૦

## છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ ) २ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छट्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्पसूत्र भाग ४-५

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧—૮—૦ પોસ્ટેજ ચાર આના અલગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦॥= |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦।= |
| શ્રી દંડક વૃત્તિ | ૦॥ |
| શ્રી નય માર્ગદર્શક | ૦॥= |
| શ્રી હંસવિનોદ | ૦॥। |
| કુમાર વિહારશતક | ૧॥ |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦॥ |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦।= |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦॥। |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦॥।= |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦।= |
| શ્રી આત્મપ્રબોધ | ૨॥ |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧) |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦॥ |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦॥ |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।~ |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦॥ |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧॥ |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧) |

| | |
|---|---|
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨॥ |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨॥ |
| શ્રી આચારોપદેશ | ૦॥ |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧॥। |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦।= |
| કુમારપાળપ્રતિબોધ | ૩॥। |
| જૈન નરરત્ન " ભામાશાહ " | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦॥= |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧॥। |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧॥। |
| શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨॥ |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦॥= |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)=॥ |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| " " ,, રેશમી પુઠું | ૨॥ |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧॥ |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)= |
| ,, સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦॥ |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦॥= |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | ૩) |

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only